શ્રીમદ્ભગવદ્ગીતા–રાજવિદ્યા રાજગુહ્ય યોગ
(નવમો અધ્યાય)

(શ્રીપુરુષોત્તમજીકૃત 'અમૃતતરંગિણી' તથા
શ્રીવલ્લભજીકૃત 'તત્ત્વદીપિકા'ના આધારે અન્વય તથા
સરળ ગુજરાતીમાં ભાવાર્થ સહિત)

અન્વય - ભાવાર્થ :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી–વડોદરા.

: પ્રકાશક :

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

શ્રીમદ્ભગવદ્ગીતા–રાજવિદ્યા રાજગુહ્ય યોગ
(નવમો અધ્યાય)

અથ નવમોડધ્યાયઃ

શ્રીભગવાન ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

ઈદં તુ તે ગુહ્યતમં પ્રવક્ષ્યામનસૂયવે ।
જ્ઞાનં વિજ્ઞાનસહિતં યજ્જ્ઞાત્વા મોક્ષ્યસેડશુભાત્ ॥ ૧ ॥

રાજવિદ્યા રાજગુહ્યં પવિત્રમિદમુત્તમમ્ ।
પ્રત્યક્ષાવગમં ધર્મ્યં સુસુખં કર્તુમવ્યયમ્ ॥ ૨ ॥

અશ્રદ્દધાનાઃ પુરુષા ધર્મસ્યાસ્ય પરંતપ ।
અપ્રાપ્ય માં નિવર્તન્તે મૃત્યુસંસારવર્ત્મનિ ॥ ૩ ॥

મયા તતમિદં સર્વં જગદવ્યક્તમૂર્તિના ।
મત્સ્થાનિ સર્વભૂતાનિ ન ચાહં તેષ્વવસ્થિતઃ ॥ ૪ ॥

ન ચ મત્સ્થાનિ ભૂતાનિ પશ્ય મે યોગમૈશ્વરમ્ ।
ભૂતભૃન્ન ચ ભૂતસ્થો મમાડડત્મા ભૂતભાવનઃ ॥ ૫ ॥

યથાડડકાશસ્થિતો નિત્યં વાયુઃ સર્વત્રગો મહાન્ ।
તથા સર્વાણિ ભૂતાનિ મત્સ્થાનીત્યુપધારય ॥ ૬ ॥

સર્વભૂતાનિ કૌન્તેય પ્રકૃતિં યાન્તિ મામિકામ્ ।
કલ્પક્ષયે પુનસ્તાનિ કલ્પાદૌ વિસૃજામ્યહમ્ ॥ ૭ ॥

પ્રકૃતિં સ્વાં અવષ્ટભ્ય વિસૃજામિ પુનઃ પુન ।
ભૂતગ્રામમિમં કૃત્સ્નં અવશં પ્રકૃતેર્વશાત્ ॥ ૮ ॥

ન ચ માં તાનિ કર્માણિ નિબધ્નન્તિ ધનંજય ।
ઉદાસીનવદાસીનમસક્તં તેષુ કર્મસુ ॥ ૯ ॥

મયાડધ્યક્ષેણ પ્રકૃતિઃ સૂયતે સચરાચરમ્ ।
હેતુનાડનેન કૌન્તેય જગદ્ વિપરિવર્તતે ॥ ૧૦ ॥

અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ ।
પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ॥ ૧૧ ॥

મોઘાશા મોઘકર્માણો મોઘજ્ઞાના વિચેતસઃ ।
રાક્ષસીમાસુરીં ચૈવ પ્રકૃતિં મોહિનીં શ્રિતાઃ ॥ ૧૨ ॥

મહાત્માનસ્તુ માં પાર્થ દૈવીં પ્રકૃતિમાશ્રિતાઃ ।
ભજન્ત્યનન્યમનસો જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ્ ॥ ૧૩ ॥

સતતં કીર્તયન્તો માં યતન્તશ્ચ દઢવ્રતાઃ ।
નમસ્યન્તશ્ચ માં ભક્ત્યા નિત્યયુક્તા ઉપાસતે ॥ ૧૪ ॥

જ્ઞાનયજ્ઞેન ચાપ્યન્યે યજન્તો મામુપાસતે ।
એકત્વેન પૃથક્ત્વેન બહુધા વિશ્વતોમુખમ્ ॥ ૧૫ ॥

અહં ક્રતુઃ અહં યજ્ઞઃ સ્વધાહમહમૌષધમ્
મન્ત્રોડહમહમેવાજ્યં અહમગ્નિઃ અહં હુતમ્ ॥ ૧૬ ॥

પિતાડહમસ્ય જગતો માતા ધાતા પિતામહઃ ।
વેદ્યં પવિત્રમોંકાર ઋક્સામયજુરેવ ચ ॥ ૧૭ ॥

ગતિર્ભર્તા પ્રભુઃ સાક્ષી નિવાસઃ શરણં સુહૃત્ ।
પ્રભવઃ પ્રલયઃ સ્થાનં નિધાનં બીજમવ્યયમ્ ॥ ૧૮ ॥

તપામ્યહમહં વર્ષં નિગૃહ્ણામ્યુત્સૃજામિ ચ ।

અમૃતં ચૈવ મૃત્યુશ્ચ સદસચ્ચાહમર્જુન ॥ ૧૯ ॥

ત્રૈવિદ્યા માં સોમપાઃ પૂતપાપા
યજ્ઞૈરિષ્ટ્વા સ્વર્ગતિં પ્રાર્થયન્તે ।
તે પુણ્યમાસાદ્ય સુરેન્દ્રલોક-
મશ્નન્તિ દિવ્યાન્ દિવિ દેવભોગાન્ ॥ ૨૦ ॥

તે તં ભુક્ત્વા સ્વર્ગલોકં વિશાલં
ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ ।
એવં ત્રયીધર્મમનુપ્રપન્ના
ગતાગતં કામકામા લભન્તે ॥ ૨૧ ॥

અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥ ૨૨ ॥

યેડપ્યન્યદેવતા ભક્તા યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ ।
તેડપિ મામેવ કૌન્તેય યજન્ત્યવિધિપૂર્વકમ્ ॥ ૨૩ ॥

અહં હિ સર્વયજ્ઞાનાં ભોક્તા ચ પ્રભુરેવ ચ ।
ન તુ મામભિજાનન્તિ તત્ત્વેનાતશ્ચ્યવન્તિ તે ॥ ૨૪ ॥

યાન્તિ દેવવ્રતા દેવાન્ પિતૃન્યાન્તિ પિતૃવ્રતાઃ ।
ભૂતાનિ યાન્તિ ભૂતેજ્યા યાન્તિ મદ્યાજિનોડપિ મામ્ ॥ ૨૫ ॥

પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।
તદહં ભક્ત્યુપહૃતં અશ્નામિ પ્રયતાત્મનઃ ॥ ૨૬ ॥

યત્ કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।
યત્ તપસ્યસિ કૌન્તેય તત્ કુરુષ્વ મદર્પણમ્ ॥ ૨૭ ॥

શુભાશુભફલૈરેવં મોક્ષ્યસે કર્મબન્ધનૈઃ ।
સંન્યાસયોગયુક્તાત્મા વિમુક્તો મામુપૈષ્યસિ ॥ ૨૮ ॥

સમોડહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોડસ્તિ ન પ્રિયઃ ।
યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્ ॥ ૨૯ ॥

અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામ્ અનન્યભાક્ ।
સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્ વ્યવસિતો હિ સઃ ॥ ૩૦ ॥

ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાન્તિં નિગચ્છતિ ।
કૌન્તેય પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ॥ ૩૧ ॥

માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેડપિ સ્યુઃ પાપયોનયઃ ।
સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાઃ તેડપિ યાન્તિ પરાં ગતિમ્ ॥ ૩૨ ॥

કિં પુનઃ બ્રાહ્મણાઃ પુણ્યા ભક્તા રાજર્ષયસ્તથા ।
અનિત્યમસુખં લોકમિમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ॥ ૩૩ ॥

મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।
મામેવૈષ્યસિ યુક્ત્વૈવમાત્માનં મત્પરાયણઃ ॥ ૩૪ ॥

ઇતિ શ્રીમદ્ ભગવદ્ ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે રાજવિદ્યારાજગુહ્યયોગો નામ નવમોડધ્યાયઃ ॥ ૯ ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

અથ નવમોડધ્યાયઃ

(ગીતાનો નવમો અધ્યાય)

રાજવિદ્યા રાજગુહ્ય યોગ

શ્રીભગવાન ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

ઈદં તુ તે ગુહ્યતમં પ્રવક્ષ્યામ્યનસૂયવે ।
જ્ઞાનં વિજ્ઞાનસહિતં યજજ્ઞાત્વા મોક્ષ્યસેડશુભાત્ ॥ ૧ ॥

અન્વય	અર્થ
તુ	બધાને ન કહી શકાય તેવું પૂર્વમાં કહેવાયેલ જ્ઞાનથી વિલક્ષણ પ્રકારનું જ્ઞાન
ઈદમ્	આ (નવમા અધ્યાયમાં કહેવામાં આવશે તે)
ગુહ્યતમમ્	મારું અત્યન્ત ગુપ્ત ભગવદ્ વિષયક ભક્ત્યાત્મક
જ્ઞાનમ્	જ્ઞાન
વિજ્ઞાન-સહિતમ્	જેનું પ્રતિફલન ભક્તિ છે તેવું અનુભવ સહિતનું,
અનસૂયવે	પ્રતિક્ષણ ઉત્તરોત્તર અતિ કઠિન એવી એક માત્ર ભક્તિથી જ લભ્ય તેવા સ્વરૂપનું કથન સાંભળીને પણ આગળ વિશેષ જાણવા કોઈ પણ પ્રકારના આલસ્ય-અનમન-અસંભાવના-વિપરીત ભાવના વગેરે દોષોથી રહિત રહીને શ્રવણ કરવામાં જ એકમાત્ર ચિત્ત એવા
તે	તને (કૃપાપૂર્વક)
પ્રવક્ષ્યામિ	પ્રકૃષ્ટતાએ સ્વરૂપજ્ઞાનસહિત કહીશ

યત્	જેને (જે સ્વરૂપને)
જ્ઞાત્વા	જાણીને
અશુભાત્	સ્વરૂપ અજ્ઞાનાત્મક સંસારથી અથવા મોહરૂપ અશુભથી
મોક્ષ્યસે	મુક્ત થશે ।। ૧ ।।

ભાવાર્થ – બધાને ન કહી શકાય તેવું પૂર્વમાં કહેવાયેલ જ્ઞાનથી વિલક્ષણ પ્રકારનું જ્ઞાન આ (નવમા અધ્યાયમાં કહેવામાં આવશે તે) મારું અત્યન્ત ગુપ્ત ભગવદ્ વિષયક ભક્ત્યાત્મક જ્ઞાન જેનું પ્રતિફલન ભક્તિ છે તેવું અનુભવ સહિતનું, પ્રતિક્ષણ ઉત્તરોત્તર અતિ કઠિન એવી એક માત્ર ભક્તિથી જ લભ્ય તેવા સ્વરૂપનું કથન સાંભળીને પણ આગળ વિશેષ જાણવા કોઈ પણ પ્રકારના આલસ્ય-અનમન-અસંભાવના-વિપરીત ભાવના વગેરે દોષોથી રહિત રહીને શ્રવણ કરવામાં જ એકમાત્ર ચિત્ત એવા તને (કૃપાપૂર્વક) પ્રકૃષ્ટતાએ સ્વરૂપજ્ઞાનસહિત કહીશ જેને (જે સ્વરૂપને) જાણીને સ્વરૂપ અજ્ઞાનાત્મક સંસારથી અથવા મોહરૂપ અશુભથી મુક્ત થશે ।। ૧ ।।

(જે હવે કહેવામાં આવશે તેની ગુહ્યતમતા જ્ઞાપન કરવા માટે તેની ઉત્તમતા જણાવે છે -)

રાજવિદ્યા રાજગુહ્યં પવિત્રમિદમુત્તમમ્ ।
પ્રત્યક્ષાવગમં ધર્મ્યં સુસુખં કર્તુમવ્યયમ્ ।। ૨ ।।

અન્વય	અર્થ
ઈદમ્	આ (અહીં જે કહેવાઈ રહ્યું છે તે)
રાજવિદ્યા	વિદ્યાઓનો રાજા-બ્રહ્મવિદ્યાત્મક છે,
રાજગુહ્યમ્	જે ગુહ્ય એટલે કે ગોપ્ય છે, તે વિદ્યાઓમાં મુખ્ય હોવાથી

	તેમજ ગોપ્યોમાં પણ મુખ્ય હોવાથી કોઈને પણ (ઉતાવળે) ન કહેવું જોઈએ તેવું,
પવિત્રમ્	પરમ પાવન,
ઉત્તમમ્	સર્વથી ઉત્કૃષ્ટ,
પ્રત્યક્ષાવગમમ્	સાક્ષાત્ ફલાત્મક-દૃષ્ટ ફલરૂપ,
ધર્મ્યમ્	ધર્મનું ઉત્પાદક,
કર્તુમ્ - સુસુખમ્	સુખપૂર્વક-સુગમતાથી કરવા યોગ્ય (અને)
અવ્યયમ્	અવિનાશી છે ।। ૨ ।।

ભાવાર્થ – (જે હવે કહેવામાં આવશે તેની ગુહ્યતમતા જ્ઞાપન કરવા માટે તેની ઉત્તમતા જણાવે છે -)આ (અહીં જે કહેવાઈ રહ્યું છે તે) વિદ્યાઓનો રાજા-બ્રહ્મવિદ્યાત્મક છે, જે ગુહ્ય એટલે કે ગોપ્ય છે, તે વિદ્યાઓમાં મુખ્ય હોવાથી તેમજ ગોપ્યોમાં પણ મુખ્ય હોવાથી કોઈને પણ (ઉતાવળે) ન કહેવું જોઈએ તેવું, પરમ પાવન, સર્વથી ઉત્કૃષ્ટ, સાક્ષાત્ ફલાત્મક-દૃષ્ટ ફલરૂપ, ધર્મનું ઉત્પાદક, સુખપૂર્વક-સુગમતાથી કરવા યોગ્ય (અને) અવિનાશી છે ।। ૨ ।।

અશ્રદ્દધાનાઃ પુરુષા ધર્મસ્યાસ્ય પરંતપ ।
અપ્રાપ્ય માં નિવર્તન્તે મૃત્યુસંસારવર્ત્મનિ ।। ૩ ।।

અન્વય	અર્થ
પરન્તપ	મારા પ્રસાદાત્મક ઉત્કૃષ્ટ તપથી યુક્ત હે પરન્તપ !
અશ્રદ્ધાનાઃ	(યોગને જાણનારા હોઈને પણ આ મારાં વાક્યોરૂપ જ્ઞાનમાં) શ્રદ્ધારહિત

પુરુષાઃ અસ્ય	પુરુષો આ (ભજન લક્ષણરૂપ) (અથવા ધર્મસહિત જ્ઞાનરૂપ)
ધર્મસ્ય	ધર્મના
મામ્	(ફલરૂપ) એવા મને
અપ્રાપ્ય	નહીં પામીને
મૃત્યુસંસાર-વર્ત્મનિ	મૃત્યુથી યુક્ત સંસારમાર્ગમાં
નિવર્તન્તે	પરિભ્રમણ કરે છે ('જાયસ્વ મ્રિયસ્વ' એ છાન્દોગ્ય શ્રુતિ અનુસાર તૃતીય માર્ગમાં અભિનિવિષ્ટ થાય છે) ॥ ૩ ॥

ભાવાર્થ – મારા પ્રસાદાત્મક ઉત્કૃષ્ટ તપથી યુક્ત હે પરન્તપ ! (યોગને જાણનારા હોઈને પણ આ મારા વાક્યોરૂપ જ્ઞાનમાં) શ્રદ્ધારહિત પુરુષો આ (ભજન લક્ષણરૂપ) (અથવા ધર્મસહિત જ્ઞાનરૂપ) ધર્મના (ફલરૂપ) એવા મને નહીં પામીને મૃત્યુથી યુક્ત સંસારમાર્ગમાં પરિભ્રમણ કરે છે ('જાયસ્વ મ્રિયસ્વ' એ છાન્દોગ્ય શ્રુતિ અનુસાર તૃતીય માર્ગમાં અભિનિવિષ્ટ થાય છે) ॥ ૩ ॥

મયા તતમિદં સર્વં જગદવ્યક્તમૂર્તિના ।
મત્સ્થાનિ સર્વભૂતાનિ ન ચાહં તેષ્વવસ્થિતઃ ॥ ૪ ॥

અન્વય	અર્થ
અવ્યક્તમૂર્તિના	અવ્યક્ત એટલે અતિરિક્તોમાં લૌકિક ઈન્દ્રિયથી ગોચર (તેમ છતાં પણ) મારી પોતાની જ એક માત્ર ઈચ્છાથી દેખાઈ શકે તેવું જેનું સ્વરૂપ છે તેવા
મયા	મારા વડે
ઈદમ્	આ
સર્વમ્	જડ-જંગમ સ્વરૂપનું આતૃણસ્તમ્બ પર્યન્તનું
જગત્	જગત્-વિશ્વ
તતમ્	વ્યાપ્ત છે (મારી ક્રીડા અર્થે મારા સ્વરૂપનું આ જગત્ મારા દ્વારા ઉત્પન્ન છે) (અથવા અવ્યક્ત મૂર્તિ એવા મારા વડે વ્યાપ્ત આ સર્વ જગત્ છે) (એટલે કે આતૃણસ્તમ્બાન્ત સર્વ વસ્તુઓમાં તે-તે સ્વરૂપે હું જ છું, તેમ છતાં અવ્યક્તપણું હોવાથી બધા વડે હું જાણી શકાતો નથી) (અને)
મત્સ્થાનિ	(મારું સ્વરૂપ સર્વનો આધાર હોવાથી) મારા સ્વરૂપમાં જ સ્થિતિ કરેલા
સર્વ ભૂતાનિ	સર્વ ભૂતો છે (ક્રીડાની ઈચ્છાથી પૃથક્ તે-તે રૂપોને હું પ્રકટ કરું છું તેથી હું અપરિચ્છિન્ન હોવાથી હું પ્રકટ થયેલો હોઈને પણ જગત્ મારામાં જ સ્થિતિ કરે છે)
ન ચ	નહીં કે
અહમ્	હું
તેષુ	તેમનામાં (પરિચ્છિન્નતાથી)
અવસ્થિતઃ	સ્થિતિ કરીને રહું છું ॥ ૪ ॥

ભાવાર્થ – અવ્યક્ત એટલે અતિરિક્તોમાં લૌકિક ઈન્દ્રિયથી ગોચર (તેમ છતાં પણ) મારી પોતાની જ એક માત્ર ઈચ્છાથી દેખાઈ શકે તેવું જેનું સ્વરૂપ છે તેવા મારા વડે આ જડ-જંગમ સ્વરૂપનું આતૃણસ્તમ્બ પર્યન્તનું જગત્-વિશ્વ વ્યાપ્ત છે (મારી ક્રીડા અર્થે મારા સ્વરૂપનું આ જગત્ મારા દ્વારા ઉત્પન્ન છે) (અથવા અવ્યક્ત મૂર્તિ એવા મારા વડે વ્યાપ્ત આ

સર્વ જગત્ છે) (એટલે કે આતૃણસ્તમ્બાન્ત સર્વ વસ્તુઓમાં તે-તે સ્વરૂપે હું જ છું, તેમ છતાં અવ્યક્તપણું હોવાથી બધા વડે હું જાણી શકાતો નથી) (અને) (મારું સ્વરૂપ સર્વનો આધાર હોવાથી) મારા સ્વરૂપમાં જ સ્થિતિ કરેલા સર્વ ભૂતો છે (ક્રીડાની ઈચ્છાથી પૃથક્ તે-તે રૂપોને હું પ્રકટ કરું છું તેથી હું અપરિચ્છિન્ન હોવાથી હું પ્રકટ થયેલો હોઇને પણ જગત્ મારામાં જ સ્થિતિ કરે છે) નહીં કે હું તેમનામાં (પરિચ્છિન્નતાથી) સ્થિતિ કરીને રહું છું ॥ ૪ ॥

('મત્સ્થાનિ ભૂતાનિ' એમ કહેવાથી તે બધા ભૂતો ભગવાનથી ભિન્ન થશે ? તેના નિરાકરણ માટે કહે છે -)

ન ચ મત્સ્થાનિ ભૂતાનિ પશ્ય મે યોગમૈશ્વરમ્ ।
ભૂતભૃન્ન ચ ભૂતસ્થો મમાઽઽત્મા ભૂતભાવનઃ ॥ ૫ ॥

અન્વય	અર્થ
ચ	વળી
ભૂતાનિ	તે ભૂતો (ઉત્પન્ન થયેલા હોઇને પણ)
મત્સ્થાનિ	(ભિન્નતાથી) મારામાં રહેલા છે તેમ
ન	નથી (કિન્તુ) (મારા સ્વરૂપ-મદાત્મક જ છે) (તો પછી ભેદ પ્રતીતિ કેમ થાય છે ? તો કહે છે -)
મે	મારા
ઐશ્વરમ્	કર્તું, અકર્તું, અન્યથા કર્તું સમર્થપણાવાળા
યોગમ્	ક્રીડાત્મક રૂપને
પશ્ય	જો (અભેદ હોઇને પણ ક્રીડાને અર્થે ભેદ બોધ કરાવવામાં આવે છે)
ભૂતભૃત્	પોતાના રસને અર્થે પોષણ કરતાં આધારપણાએ ભૂતોને ધારણ કરનારો હોઇને પણ (અને)
ભૂતભાવનઃ	પોતાના ભાવમાં ભાવિત કરતાં ભૂતોનું પાલન કરનારો હોઇને
ચ	પણ
મમ	મારો
આત્મા	આત્મા (મારું આત્મસ્વરૂપ)
ભૂતસ્થઃ	ભૂતસ્થ થતું
ન	નથી (તે ભૂતોમાં ક્રીડા કરીને પણ જેમ તે ક્રીડાનેઅર્થે સર્જાયેલા છે અને તે-તે ભૂતોના રૂપમાં સ્થિતિ કરેલા છે તેથી તેઓ ભિન્નતાએ સ્થિતિ કરે છે તેમ હું સ્થિતિ કરતો નથી) ॥ ૫ ॥

ભાવાર્થ – ('મત્સ્થાનિ ભૂતાનિ' એમ કહેવાથી તે બધા ભૂતો ભગવાનથી ભિન્ન થશે ? તેના નિરાકરણ માટે કહે છે -) વળી તે ભૂતો (ઉત્પન્ન થયેલા હોઇને પણ) (ભિન્નતાથી) મારામાં રહેલા છે તેમ નથી (કિન્તુ) (મારા સ્વરૂપ-મદાત્મક જ છે) (તો પછી ભેદ પ્રતીતિ કેમ થાય છે? તો કહે છે -) મારા કર્તું, અકર્તું, અન્યથા કર્તું સમર્થપણાવાળા ક્રીડાત્મક રૂપને જો (અભેદ હોઇને પણ ક્રીડાને અર્થે ભેદ બોધ કરાવવામાં આવે છે) પોતાના રસને અર્થે પોષણ કરતાં આધારપણાએ ભૂતોને ધારણ કરનારો હોઇને પણ (અને) પોતાના ભાવમાં ભાવિત કરતાં ભૂતોનું પાલન કરનારો હોઇને પણ મારો આત્મા (મારું આત્મસ્વરૂપ) ભૂતસ્થ થતું નથી (તે ભૂતોમાં ક્રીડા કરીને પણ જેમ તે ક્રીડાનેઅર્થે સર્જાયેલા છે અને તે-તે ભૂતોના રૂપમાં સ્થિતિ કરેલા છે તેથી તેઓ ભિન્નતાએ સ્થિતિ કરે છે તેમ હું સ્થિતિ કરતો નથી) ॥ ૫ ॥

(હે પ્રભુ ! આપ વ્યાપક છો અને જીવ અણુ હોવાથી અવ્યાપક છે, તો પછી ‘મત્સ્થાનિ’ એમ આપના કહ્યા મુજબ આપ અને જીવમાં આધાર-આધેય ભાવ બને છે, તે કેવી રીતે ? તે બાબત કહે છે -)

યથાડડકાશસ્થિતો નિત્યં વાયુઃ સર્વત્રગો મહાન્ ।
તથા સર્વાણિ ભૂતાનિ મત્સ્થાનીત્યુપધારય ॥ ૬ ॥

અન્વય	અર્થ
યથા	જેમ
સર્વત્રગઃ	સર્વત્ર વિચરણ કરનારો
મહાન્	મહાન્ હોઈને પણ
વાયુઃ	વાયુ
નિત્યમ્	નિત્ય-સદા
આકાશ સ્થિતિઃ	આકાશમાં સ્થિત રહે છે (નિત્ય પદથી વાયુ આકાશમાં જ સર્વત્ર ગતિયુક્ત થાય છે, તેમ છતાં પણ તે આકાશ વડે સ્પૃશ્ય થતો નથી)
તથા	તે રીતે
સર્વાણિ	બધા (જ)
ભૂતાનિ	(મારી ક્રીડાની ઈચ્છા વડે જ સર્વત્ર ગતિયુક્ત) ભૂતો
મત્સ્થાનિ	મારામાં સ્થિત છે
ઈતિ	એમ
ઉપધારય	જાણ (‘ઉપ’=સમીપમાં, મારા સમીપમાં ‘ધારય’ જો) ॥ ૬॥

ભાવાર્થ – (હે પ્રભુ ! આપ વ્યાપક છો અને જીવ અણુ હોવાથી અવ્યાપક છે, તો પછી ‘મત્સ્થાનિ’ એમ આપના કહ્યા મુજબ આપ અને જીવમાં આધાર-આધેય ભાવ બને છે, તે કેવી રીતે ? તે બાબત કહે છે -) જેમ સર્વત્ર વિચરણ કરનારો મહાન્ હોઈને પણ વાયુ નિત્ય-સદા આકાશમાં સ્થિત રહે છે (નિત્ય પદથી વાયુ આકાશમાં જ સર્વત્ર ગતિયુક્ત થાય છે, તેમ છતાં પણ તે આકાશ વડે સ્પૃશ્ય થતો નથી) તે રીતે બધા (જ) (મારી ક્રીડાની ઈચ્છા વડે જ સર્વત્ર ગતિયુક્ત) ભૂતો મારામાં સ્થિત છે એમ જાણ (‘ઉપ’=સમીપમાં, મારા સમીપમાં ‘ધારય’ જો) ॥ ૬॥

(તો પછી ભગવાનમાં ગયેલા-ભગવાનમાં સ્થિત ભૂતોનો નાશ કેમ કરી થાય છે ? તો કહે છે -)

સર્વભૂતાનિ કૌન્તેય પ્રકૃતિં યાન્તિ મામિકામ્ ।
કલ્પક્ષયે પુનસ્તાનિ કલ્પાદૌ વિસૃજામ્યહમ્ ॥ ૭ ॥

અન્વય	અર્થ
કૌન્તેય	હે મારો અતિશય કૃપાપાત્ર કુન્તિપુત્ર અર્જુન !
કલ્પક્ષયે	કલ્પની સમાપ્તિમાં
સર્વ ભૂતાનિ	સર્વ ભૂતો
મામિકામ્	મારી સમેટી લેવાની ઈચ્છા સ્વરૂપની
પ્રકૃતિમ્	પ્રકૃતિને
યાન્તિ	પ્રાપ્ત થાય છે (અને)
કલ્પાદૌ	(વિસ્તાર કરવાની મારી ઈચ્છા વડે તેનું જ) કલ્પના આદિમાં
અહમ્	હું

વિસૃજામિ	ક્રીડામાં વૈચિત્ર્યને અર્થે વિશેષરૂપે નીચ-ઉચ્ચ પ્રકારે સર્જન કરું છું ॥ ૭ ॥

ભાવાર્થ – (તો પછી ભગવાનમાં ગયેલા-ભગવાનમાં સ્થિત ભૂતોનો નાશ કેમ કરી થાય છે ? તો કહે છે -) હે મારો અતિશય કૃપાપાત્ર કુન્તિપુત્ર અર્જુન ! કલ્પની સમાપ્તિમાં સર્વ ભૂતો મારી સમેટી લેવાની ઈચ્છા સ્વરૂપની પ્રકૃતિને પ્રાપ્ત થાય છે (અને) (વિસ્તાર કરવાની મારી ઈચ્છા વડે તેનું જ) કલ્પના આદિમાં હું ક્રીડામાં વૈચિત્ર્યને અર્થે વિશેષરૂપે નીચ-ઉચ્ચ પ્રકારે સર્જન કરું છું ॥ ૭ ॥

(તો પછી આપનામાં લીન થયેલાઓ-આનન્દમાં નિમગ્ન થયેલાઓનું ફરીથી સૃષ્ટિમાં તેમનું આવવાનું શું તાત્પર્ય ? તો કહે છે -)

પ્રકૃતિં સ્વાં અવષ્ટભ્ય વિસૃજામિ પુનઃ પુન ।
ભૂતગ્રામમિમં કૃત્સ્નં અવશં પ્રકૃતેર્વશાત્ ॥ ૮ ॥

અન્વય	અર્થ
સ્વામ્	મારી-પોતાની
પ્રકૃતિમ્	અસાધારણી રમણાત્મિકા પ્રકૃતિને
અવષ્ટભ્ય	અધિષ્ઠાન કરીને-રમણ ભાવને અંગીકાર કરીને
પુનઃ પુનઃ	વારંવાર
પ્રકૃતેર્વશાત્	મારા ક્રીડાત્મક સ્વરૂપને વશ થયેલા
અવશમ્	મારી ઈચ્છાને આધીન-પરતન્ત્ર એવા
ઈમમ્	આ
કૃત્સ્નમ્	સમ્પૂર્ણ

ભૂતગ્રામમ્	(મારી ક્રીડામાં યોગ્ય અને મારાં દર્શનને યોગ્ય એવા) ચાર પ્રકારના (આર્ત-જિજ્ઞાસુ-અર્થાર્થી અને જ્ઞાની ચાર પ્રકારના ભક્તો અથવા સાત્ત્વિક-રાજસ-તામસ-નિર્ગુણ એમ ચાર પ્રકારના ભક્તો અથવા સ્વેદજ-અંડજ-ઉદ્‌ભિજ્જ-જરાયુજ) ભૂતોના સમુદાયનું
સૃજામિ	સર્જન કરું છું ॥ ૮ ॥

ભાવાર્થ – (તો પછી આપનામાં લીન થયેલાઓ-આનન્દમાં નિમગ્ન થયેલાઓનું ફરીથી સૃષ્ટિમાં તેમનું આવવાનું શું તાત્પર્ય ? તો કહે છે -) મારી-પોતાની અસાધારણી રમણાત્મિકા પ્રકૃતિને અધિષ્ઠાન કરીને-રમણ ભાવને અંગીકાર કરીને વારંવાર મારા ક્રીડાત્મક સ્વરૂપને વશ થયેલા મારી ઈચ્છાને આધીન-પરતન્ત્ર એવા આ સમ્પૂર્ણ (મારી ક્રીડામાં યોગ્ય અને મારાં દર્શનને યોગ્ય એવા) ચાર પ્રકારના (આર્ત-જિજ્ઞાસુ-અર્થાર્થી અને જ્ઞાની ચાર પ્રકારના ભક્તો અથવા સાત્ત્વિક-રાજસ-તામસ-નિર્ગુણ એમ ચાર પ્રકારના ભક્તો અથવા સ્વેદજ-અંડજ-ઉદ્‌ભિજ્જ-જરાયુજ) ભૂતોના સમુદાયનું સર્જન કરું છું ॥ ૮ ॥

ન ચ માં તાનિ કર્માણિ નિબધ્નન્તિ ધનંજય ।
ઉદાસીનવદાસીનમસક્તં તેષુ કર્મસુ ॥ ૯ ॥

અન્વય	અર્થ
ધનંજય	હે લૌકિક પરવશૈકચિત્ત અર્જુન !
તેષુ	તે (સર્જન સંહાર રૂપના વિષમ)
કર્મસુ	કર્મોમાં (અને તે ભૂતોમાં)
અસક્તમ્	આસક્તિ રહિત
ચ	અને

ઉદાસીનવત્	ઉદાસીન સદશ (માત્ર પરમ કૃપા વડે જ તે ભૂતોને કૃતાર્થ કરવા)
આસીનમ્	સ્થિત થયેલા
મામ્	મને
તાનિ	તે (ભૂતો અને)
કર્માણિ	ક્રીડાત્મક કર્મો
નિબધ્નન્તિ	બાંધતા (બાંધી શકતા)
ન	નથી (વૈષમ્ય-નૈઘૃણ્ય વગેરે દોષરૂપ બન્ધનો આસક્તિપૂર્વક કર્મ કરનારને જ બંધનમાં નાંખે છે પરન્તુ આસક્તિ રહિત કર્મથી તે દોષ પ્રાપ્ત થતો નથી) ॥ ૯ ॥

ભાવાર્થ – હે લૌકિક પરવશૈકચિત્ત અર્જુન ! તે (સર્જન સંહાર રૂપના વિષમ) કર્મોમાં (અને તે ભૂતોમાં) આસક્તિ રહિત અને ઉદાસીન સદશ (માત્ર પરમ કૃપા વડે જ તે ભૂતોને કૃતાર્થ કરવા) સ્થિત થયેલા મને તે (ભૂતો અને) ક્રીડાત્મક કર્મો બાંધતા (બાંધી શકતા) નથી (વૈષમ્ય-નૈઘૃણ્ય વગેરે દોષરૂપ બન્ધનો આસક્તિપૂર્વક કર્મ કરનારને જ બંધનમાં નાંખે છે પરન્તુ આસક્તિ રહિત કર્મથી તે દોષ પ્રાપ્ત થતો નથી) ॥ ૯ ॥

મયાડધ્યક્ષેણ પ્રકૃતિઃ સૂયતે સચરાચરમ્ ।
હેતુનાડનેન કૌન્તેય જગદ્ વિપરિવર્તતે ॥ ૧૦ ॥

અન્વય	અર્થ
કૌન્તેય	હે કુન્તિપુત્ર અર્જુન !
અધ્યક્ષેણ	અધિષ્ઠાતા, સકલકર્તા એવા

મયા	મારા વડે (ક્રીડામાં અધિષ્ઠિત બનતાં)
પ્રકૃતિઃ	પ્રકૃતિ
સચરાચરમ્	જડ-જીવ સહિતનું જગત્
સૂયતે	ઉત્પન્ન કરે છે
અનેન	(પૂર્વમાં કહેવાઈ ગયેલા ક્રીડાત્મક) આ
હેતુના	હેતુ-કારણ વડે
જગત્	જગત
વિપરિવર્તતે	વિશેષરૂપે (ઉત્પન્ન થાય છે અને) પરિવર્તિત થાય છે ॥ ૧૦ ॥

ભાવાર્થ – હે કુન્તિપુત્ર અર્જુન ! અધિષ્ઠાતા, સકલકર્તા એવા મારા વડે (ક્રીડામાં અધિષ્ઠિત બનતાં) પ્રકૃતિ જડ-જીવ સહિતનું જગત્ ઉત્પન્ન કરે છે (પૂર્વમાં કહેવાઈ ગયેલા ક્રીડાત્મક) આ હેતુ-કારણ વડે જગત વિશેષરૂપે (ઉત્પન્ન થાય છે અને) પરિવર્તિત થાય છે ॥ ૧૦ ॥

(આપનું આ સર્વ અધિષ્ઠાતૃ સ્વરૂપ બધા જ કેમ નથી જાણતા?)

અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ ।
પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ॥ ૧૧ ॥

અન્વય	અર્થ
મૂઢાઃ	કેવલ ઈચ્છા વડે જ જેમનું સર્જન છે તેવા અસુરો
ભૂતમહેશ્વરમ્	સર્વના અધિષ્ઠાતૃ-સર્વના આધિદૈવિકરૂપ એવા
મમ	મારા

પરમ્	પર
ભાવમ્	ભાવને (પુરુષોત્તમાત્મક પર ભાવને)
અજાનન્તઃ	નહીં જાણતાં (પોતાનાં અજ્ઞાન વડે)
માનુષીમ્	મનુષ્યનું
તનુમ્	(માયાવી) શરીર
આશ્રિતમ્	ધારણ કરનાર (જાણીને)
મામ્	મને
અવજાનન્તિ	તુચ્છ જાણી અવજ્ઞા કરે છે ।। ૧૧ ।।

ભાવાર્થ– (આપનું આ સર્વ અધિષ્ઠાતૃ સ્વરૂપ બધા જ કેમ નથી જાણતા ?) કેવલ ઈચ્છા વડે જ જેમનું સર્જન છે તેવા અસુરો સર્વના અધિષ્ઠાતૃ-સર્વના આધિદૈવિકરૂપ એવા મારા પર ભાવને (પુરુષોત્તમાત્મક પર ભાવને) નહીં જાણતાં (પોતાનાં અજ્ઞાન વડે) મનુષ્યનું (માયાવી) શરીર ધારણ કરનાર (જાણીને) મને તુચ્છ જાણી અવજ્ઞા કરે છે ।। ૧૧ ।।

મોઘાશા મોઘકર્માણો મોઘજ્ઞાના વિચેતસઃ ।
રાક્ષસીમાસુરીં ચૈવ પ્રકૃતિં મોહિનીં શ્રિતાઃ ।। ૧૨ ।।

અન્વય	અર્થ
મોઘાશા	(તે આસુરો) વૃથા આશાવાળા (મોઘ=નિષ્ફલ અસમર્પિત અન્નને કેવલ દેહ પોષણને જ અર્થે ભક્ષણ કરનારા)
મોઘકર્માણઃ	ભગવત્સેવાથી અતિરિક્ત નિષ્ફલ કર્મ કરનારા (અને)
મોઘજ્ઞાનાઃ	ભગવત્ સ્વરૂપ જ્ઞાનથી અતિરિક્ત મોહક શાસ્ત્રમાં કહેવાયેલ નિષ્ફલ જ્ઞાનયુક્ત

વિચેતસઃ	અવ્યવસ્થિત મનવાળા (હોય છે)
ચ	તેમજ
રાક્ષસીમ્	પોતાના દેહપોષણમાત્ર સ્વરૂપની,
આસુરીમ્	(પોતાના સ્વાર્થમાં) બીજાઓને ઉપદ્રવ કરવાના સ્વરૂપની,
મોહિનીમ્	મારું વિસ્મરણ કરાવનારી
પ્રકૃતિમ્	પ્રકૃતિ-માયારૂપ સ્વભાવને
એવ	જ
આશ્રિતાઃ	ધારણ કરેલા હોય છે (તેથી જ તેઓ મને માનુષ -માયાવી શરીર ધારણ કરનાર જાણી મને તુચ્છ જાણી મારી અવજ્ઞા કરે છે) ।। ૧૨ ।।

ભાવાર્થ – (તે આસુરો) વૃથા આશાવાળા (મોઘ=નિષ્ફલ અસમર્પિત અન્નને કેવલ દેહ પોષણને જ અર્થે ભક્ષણ કરનારા) ભગવત્સેવાથી અતિરિક્ત નિષ્ફલ કર્મ કરનારા (અને) ભગવત્ સ્વરૂપ જ્ઞાનથી અતિરિક્ત મોહક શાસ્ત્રમાં કહેવાયેલ નિષ્ફલ જ્ઞાનયુક્ત અવ્યવસ્થિત મનવાળા (હોય છે) તેમજ પોતાના દેહપોષણમાત્ર સ્વરૂપની, (પોતાના સ્વાર્થમાં) બીજાઓને ઉપદ્રવ કરવાના સ્વરૂપની, મારું વિસ્મરણ કરાવનારી પ્રકૃતિ-માયારૂપ સ્વભાવને જ ધારણ કરેલા હોય છે (તેથી જ તેઓ મને માનુષ - માયાવી શરીર ધારણ કરનાર જાણી મને તુચ્છ જાણી મારી અવજ્ઞા કરે છે) ।। ૧૨ ।।

(આ પ્રમાણે અસુરભાવવાળાઓને પોતાનું અજ્ઞાન જણાવી દૈવભાવવાળાઓને પોતાનું જ્ઞાન હોય છે તેમ જણાવે છે -)

મહાત્માનસ્તુ માં પાર્થ દૈવીં પ્રકૃતિમાશ્રિતાઃ ।
ભજન્ત્યનન્યમનસો જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ્ ॥ ૧૩ ॥

અન્વય	અર્થ
પાર્થ	હે ભક્તસ્વરૂપ શ્રવણ કરવાયોગ્ય અર્જુન !
તુ	પરન્તુ
દૈવીમ્	ક્રીડાત્મિકા અથવા દેવરૂપા
પ્રકૃતિમ્	પ્રકૃતિને સ્વભાવને
આશ્રિતાઃ	ધારણ કરેલા
અનન્યમનમઃ	મારાથી અતિરિક્ત બીજામાં ક્યાંય મન જેનું નથી તેવા
મહાત્માનઃ	મહાન્ એટલે કે હું જ જેનો આત્મા-અન્તઃકરણ છું તેવા લોકો
મામ્	મને
ભૂતાદિમ્	સકલ જગતનાં કારણ રૂપમાં,
અવ્યયમ્	નિત્ય-યથાર્થરૂપમાં
જ્ઞાત્વા	જાણીને
ભજન્તિ	(મારું) ભજન કરે છે ॥ ૧૩ ॥

ભાવાર્થ – (આ પ્રમાણે અસુરભાવવાળાઓને પોતાનું અજ્ઞાન જણાવી દૈવભાવવાળાઓને પોતાનું જ્ઞાન હોય છે તેમ જણાવે છે -) હે ભક્તસ્વરૂપ શ્રવણ કરવાયોગ્ય અર્જુન ! પરન્તુ ક્રીડાત્મિકા અથવા દેવરૂપા પ્રકૃતિને સ્વભાવને ધારણ કરેલા મારાથી અતિરિક્ત બીજામાં ક્યાંય મન જેનું નથી તેવા મહાન્ એટલે કે હું જ જેનો આત્મા-અન્તઃકરણ છું તેવા લોકો મને સકલ જગતનાં કારણ રૂપમાં, નિત્ય-યથાર્થરૂપમાં જાણીને (મારું) ભજન કરે છે ॥ ૧૩ ॥

(તે દૈવી પ્રકૃતિવાળા બે પ્રકારના છે ભક્તો અને જ્ઞાનીઓ, તેમાં પ્રથમ ભક્તોના ભજન પ્રકારને જણાવે છે -)

સતતં કીર્તયન્તો માં યતન્તશ્ચ દઢવ્રતાઃ
નમસ્યન્તશ્ચ માં ભક્ત્યા નિત્યયુક્તા ઉપાસતે ॥ ૧૪ ॥

અન્વય	અર્થ
દઢવ્રતાઃ	ઐહિક-પારલૌકિક વિષયમાં એકમાત્ર મારામાં જ નિષ્ઠાવાળા, મોહશાસ્ત્રથી અપરાજિત દઢ નિશ્ચયવાળા,
નિત્યયુક્તાઃ	મારામાં જ એકમાત્ર ચિત્તવાળા-સદા સાવધાન (ભક્તો)
સતતમ્	નિરન્તર
મામ્	મારું
કીર્તયન્તઃ	ભાગવતમાં કહ્યા પ્રકારે લીલાસ્વરૂપ જ્ઞાનવડે ગુણગાન કરતાં-સર્વત્ર મારો જ ઉત્કર્ષ કહેતાં
ચ	અને (શ્રવણાદિકને પણ કરતાં)
યતન્તશ્ચ	તે શ્રવણ-કીર્તનાદિ અર્થે યત્ન કરનારા, અથવા ઇન્દ્રિય નિગ્રહને કરતાં
ચ	અને (નૃત્ય વગેરે કરતાં)
નમસ્યન્તઃ	પોતાનામાં દૈન્ય-આવિર્ભાવપૂર્વક પરમકાષ્ઠાપન્ન વસ્તુરૂપ એવા મને નમસ્કાર કરતાં

ભક્ત્યા	અતિશય સ્નેહ વડે (નહીં કે વિહિતપણાએ)
મામ્	મને
ઉપાસતે	સેવે છે (મારી સેવા કરે છે) ।। ૧૪ ।।

ભાવાર્થ – (તે દૈવી પ્રકૃતિવાળા બે પ્રકારના છે ભક્તો અને જ્ઞાનીઓ, તેમાં પ્રથમ ભક્તોના ભજન પ્રકારને જણાવે છે -) ઐહિક-પારલૌકિક વિષયમાં એકમાત્ર મારામાં જ નિષ્ઠાવાળા, મોહશાસ્ત્રથી અપરાજિત દૃઢ નિશ્ચયવાળા, મારામાં જ એકમાત્ર ચિત્તવાળા-સદા સાવધાન (ભક્તો) નિરન્તર મારું ભાગવતમાં કહ્યા પ્રકારે લીલાસ્વરૂપ જ્ઞાનવડે ગુણગાન કરતાં-સર્વત્ર મારો જ ઉત્કર્ષ કહેતાં અને (શ્રવણાદિકને પણ કરતાં) તે શ્રવણ-કીર્તનાદિ અર્થે યત્ન કરનારા, અથવા ઈન્દ્રિય નિગ્રહને કરતાં અને (નૃત્ય વગેરે કરતાં) પોતાનામાં દૈન્ય-આવિર્ભાવપૂર્વક પરમકાષ્ઠાપન્ન વસ્તુરૂપ એવા મને નમસ્કાર કરતાં અતિશય સ્નેહ વડે (નહીં કે વિહિતપણાએ) મને સેવે છે (મારી સેવા કરે છે) ।। ૧૪ ।।

(આ પ્રમાણે ભક્તોના ભજન પ્રકારને કહીને હવે જ્ઞાનીઓના પ્રકારને કહે છે -)

જ્ઞાનયજ્ઞેન ચાપ્યન્યે યજન્તો મામુપાસતે ।
એકત્વેન પૃથક્ત્વેન બહુધા વિશ્વતોમુખમ્ ।। ૧૫ ।।

અન્વય	અર્થ
ચ	અને
અન્યે	બીજાઓ-જ્ઞાનીઓ
જ્ઞાનયજ્ઞેન	જ્ઞાનાત્મક યજન પ્રકારે
અપિ	પણ

યજન્તઃ	હૃદયમાં જ મારું પૂજન કરતાં
મામ્	મારું
ઉપાસતે	યજન કરે છે (જ્ઞાનસ્વરૂપના ભજનમાં ઘણા પ્રકારો છે તે કહે છે -)
એકત્વેન	‘સોઽહં બ્રહ્માસ્મિ’ પ્રકારે એકતાએ,
પૃથકત્વેન	યોગ વડે શરણ જવાની રીતિ વડે પૃથક્તાએ (અને)
વિશ્વતો મુખમ્	સર્વાત્મક-વિરાટ્ પુરુષ એવા
મામ્	મને
બહુધા	અનેક પ્રકારે-સર્વત્ર તે રૂપે
ઉપાસતે	ભજે છે ।। ૧૫ ।।

ભાવાર્થ – (આ પ્રમાણે ભક્તોના ભજન પ્રકારને કહીને હવે જ્ઞાનીઓના પ્રકારને કહે છે -) અને બીજાઓ-જ્ઞાનીઓ જ્ઞાનાત્મક યજન પ્રકારે પણ હૃદયમાં જ મારું પૂજન કરતાં મારું યજન કરે છે (જ્ઞાનસ્વરૂપના ભજનમાં ઘણા પ્રકારો છે તે કહે છે -) ‘સોઽહં બ્રહ્માસ્મિ’ પ્રકારે એકતાએ, યોગ વડે શરણ જવાની રીતિ વડે પૃથક્તાએ (અને) સર્વાત્મક-વિરાટ્ પુરુષ એવા મને અનેક પ્રકારે-સર્વત્ર તે રૂપે ભજે છે ।। ૧૫ ।।

અહં ક્રતુઃ અહં યજ્ઞઃ સ્વધાહમહમૌષધમ્
મન્ત્રોઽહમહમેવાજ્યં અહમગ્નિઃ અહં હુતમ્ ।। ૧૬ ।।

અન્વય	અર્થ
ક્રતુઃ	યજ્ઞની અધિષ્ઠાત્રી દેવતા (આધિદૈવિકરૂપ તેના ફલદાતા)
અહમ્	હું છું,

યજ્ઞઃ	અગ્નિહોત્રાદિ ધર્માત્મક યજ્ઞ
અહમ્	હું છું,
સ્વધા	પિતૃઓના અર્થે શ્રાદ્ધાદિ પિતૃયજ્ઞ
અહમ્	હું છું,
ઔષધમ્	સકલ રોગ નિવર્તનાત્મક ભૈષજ્યરૂપ અથવા અન્નરૂપ ઔષધ
અહમ્	હું છું,
મન્ત્રઃ	ઋક્, વગેરે મંત્રો
અહમ્	હું છું,
આજ્યમ્	હોમ, દ્રવ્યરૂપ ઘૃતાદિ હવિ
અહમ્	હું છું,
અગ્નિઃ	આવહનીય વગેરે અગ્નિ
અહમ્	હું છું (અને)
હુતમ્	હોમ (પણ)
અહમ્	હું
એવ	જ છું ॥ ૧૬॥

ભાવાર્થ – યજ્ઞની અધિષ્ઠાત્રી દેવતા (આધિદૈવિકરૂપ તેના ફલદાતા) હું છું, અગ્નિહોત્રાદિ ધર્માત્મક યજ્ઞ હું છું, પિતૃઓના અર્થે શ્રાદ્ધાદિ પિતૃયજ્ઞ હું છું, સકલ રોગ નિવર્તનાત્મક ભૈષજ્યરૂપ અથવા અન્નરૂપ ઔષધ હું છું, ઋક્, વગેરે મંત્રો હું છું, હોમ, દ્રવ્યરૂપ ઘૃતાદિ હવિ હું છું, આવહનીય વગેરે અગ્નિ હું છું (અને) હોમ (પણ) હું જ છું ॥ ૧૬॥

પિતાડહમસ્ય જગતો માતા ધાતા પિતામહઃ ।
વેદ્યં પવિત્રમોંકાર ઋક્સામયજુરેવ ચ ॥ ૧૭ ॥

અન્વય	અર્થ
અસ્ય	આ
જગતઃ	મદાત્મક જગતનો
પિતા	ઉત્પાદક,
માતા	યોનિ-કારણ,
ધાતા	પોષક-કર્મફલદાતા,
પિતામહ	દાદા-બ્રહ્મા,
વેદ્યમ્	સર્વ જ્ઞાન વગેરે સાધનોથી જાણવા યોગ્ય વસ્તુ,
પવિત્રમ્	પાવન,
ઓંકારઃ	અક્ષરાત્મક બ્રહ્મબીજ-ઓંકાર,
ઋક્સામયજુઃ	ઋગ્વેદ-સામવેદ-યજુર્વેદ ત્રાણે વેદ સ્વરૂપ
અહમ્	હું
એવ	જ છું ॥ ૧૭ ॥

ભાવાર્થ – આ મદાત્મક જગતનો ઉત્પાદક, યોનિ-કારણ, પોષક-કર્મફલદાતા, દાદા-બ્રહ્મા, સર્વ જ્ઞાન વગેરે સાધનોથી જાણવા યોગ્ય વસ્તુ, પાવન, અક્ષરાત્મક બ્રહ્મબીજ-ઓંકાર, ઋગ્વેદ-સામવેદ-યજુર્વેદ ત્રાણે વેદ સ્વરૂપ હું જ છું ॥ ૧૭ ॥

ગતિર્ભર્તા પ્રભુઃ સાક્ષી નિવાસઃ શરણં સુહૃત્ ।
પ્રભવઃ પ્રલયઃ સ્થાનં નિધાનં બીજમવ્યયમ્ ॥ ૧૮ ॥

અન્વય	અર્થ
ગતિઃ	મોક્ષ વગેરે ફલરૂપ ગતિ,
ભર્તા	પોષણ કરનાર,
પ્રભુઃ	સર્વ નિયન્તા-સર્વ સમર્થ,
સાક્ષી	(શુભ-અશુભના) દષ્ટા,
સ્થાનમ્	સર્વ દેહ સ્વરૂપાત્મક નિવાસસ્થાન,
શરણમ્	મૃત્યુ પ્રભૃતિમાં રક્ષણ કરનાર-અભયદાતા,
સુહૃત્	જેની પ્રાર્થના ન કરાઈ હોય તેવું પણ હિત કરનાર,
પ્રભવઃ	પ્રકર્ષે જેમાં લીન થાય છે સર્વ તેવું લયસ્થાન,
સ્થાનમ્	બધું જ જેમાં સ્થિતિ કરે છે તેવો સકલાધાર,
નિધાનમ્	જેના વડે સ્થાપિત થાય છે તે રક્ષક,
અવ્યયમ્	અવિનાશી
બીજમ્	મૂલ કારણ (હું જ છું) ॥ ૧૮ ॥

ભાવાર્થ – મોક્ષ વગેરે ફલરૂપ ગતિ, પોષણ કરનાર, સર્વ નિયન્તા-સર્વ સમર્થ, (શુભ-અશુભના) દષ્ટા, સર્વ દેહ સ્વરૂપાત્મક નિવાસસ્થાન, મૃત્યુ પ્રભૃતિમાં રક્ષણ કરનાર-અભયદાતા, જેની પ્રાર્થના ન કરાઈ હોય તેવું પણ હિત કરનાર, પ્રકર્ષે જેમાં લીન થાય છે સર્વ તેવું લયસ્થાન, બધું જ જેમાં સ્થિતિ કરે છે તેવો સકલાધાર, જેના વડે સ્થાપિત થાય છે તે રક્ષક, અવિનાશી મૂલ કારણ (હું જ છું) ॥ ૧૮ ॥

તપામ્યહમહં વર્ષં નિગૃહ્ણામ્યુત્સૃજામિ ચ ।

અમૃતં ચૈવ મૃત્યુશ્ચ સદસચ્ચાહમર્જુન ॥ ૧૯ ॥

અન્વય	અર્થ
અહમ્	હું (જ)
તપામિ	રસના આસ્વાદન અર્થે બધાને તપાવું છું
વર્ષમ્	(જ્યારે હું તાપ કરું છું ત્યારે) રસાત્મક વર્ષાને
નિગૃહ્ણામિ	આકર્ષું છું - મારા પોતાનામાં જ સ્થાપું છું
ચ	અને
ઉત્સૃજામિ	એના (રસાત્મક વર્ષાના) દાન સમયે એને વરસાવું છું
ચ	અને
અમૃતમ્	અક્ષય જીવન છું
ચ	અને
મૃત્યુઃ	મૃત્યુરૂપ (પણ હું જ છું) (અને)
સદ્	પરિદૃશ્યમાન-સ્થૂલ,
અસદ્	સૂક્ષ્મ-અદૃશ્ય
અર્જુન	હે અર્જુન !
અહમ્	(પૂર્વોક્ત બધું જ) હું
એવ	જ છું (એમ ઘણા પ્રકારે જ્ઞાનીઓ મને ભજે છે એમ પૂર્વ શ્લોકોથી સંબન્ધ છે) ॥ ૧૯ ॥

ભાવાર્થ – હું (જ) રસના આસ્વાદન અર્થે બધાને તપાવું છું (જ્યારે હું

તાપ કરું છું ત્યારે) રસાત્મક વર્ષાને આકર્ષું છું - મારા પોતાનામાં જ સ્થાપું છું અને એના (રસાત્મક વર્ષાના) દાન સમયે એને વરસાવું છું અને અક્ષય જીવન છું અને મૃત્યુરૂપ (પણ હું જ છું) (અને) પરિદશ્યમાન-સ્થૂલ, સૂક્ષ્મ-અદશ્ય હે અર્જુન ! (પૂર્વોક્ત બધું જ) હું જ છું (એમ ઘણા પ્રકારે જ્ઞાનીઓ મને ભજે છે એમ પૂર્વ શ્લોકોથી સંબન્ધ છે) ॥ ૧૯ ॥

ત્રૈવિદ્યા માં સોમપાઃ પૂતપાપા
યજ્ઞૈરિષ્ટ્વા સ્વર્ગતિં પ્રાર્થયન્તે ।
તે પુણ્યમાસાદ્ય સુરેન્દ્રલોક-
મશ્નન્તિ દિવ્યાન્ દિવિ દેવભોગાન્ ॥ ૨૦ ॥

અન્વય	અર્થ
ત્રૈવિદ્યાઃ	(પૂર્વોક્ત) ત્રણ વેદોમાં નિરૂપિત કર્મ કરનારાઓ (અને)
સોમપાઃ	યજ્ઞશેષ અમૃત પીવાવાળાઓ (તથા)
પૂતપાપાઃ	(કર્મ કરનારાઓને પાપસંભવ હોવાથી) જેમણે પોતાનાં સર્વ પાપો ધોઈ નાંખ્યા છે તેવાઓ
મામ્	મને
યજ્ઞૈઃ	મારી આજ્ઞારૂપ યજ્ઞો વડે
ઈષ્ટ્વા	પૂજીને (તે યજ્ઞો ભક્તિમાં વચમાં આવતા પ્રતિબન્ધોનું નિવર્તન કરનારા છે તેમ નહીં જાણીને તથા તે યજ્ઞોનું સ્વરૂપ નહીં જાણીને)
સ્વર્ગગતિમ્	ઈન્દ્ર વગેરે દેવો સંબન્ધી લોકોની
પ્રાર્થયન્તે	(આ મારા માટે થાઓ તેવી) કામના કરે છે
તે	તેઓ

પુણ્યમ્	પુણ્યાત્મક-પુણ્યફલરૂપ
સુરેન્દ્ર લોકમ્	સુરેન્દ્ર લોકને-દેવલોકને
આસાદ્ય	પ્રાપ્ત કરીને
દિવિ	સ્વર્ગમાં (દિવ્ય દેવલોકમાં)
દેવભોગાન્	જે ભોગ દેવો ભોગવે છે તે દેવભોગોને
અશ્નન્તિ	ભોગવે છે ॥ ૨૦ ॥

ભાવાર્થ – (પૂર્વોક્ત) ત્રણ વેદોમાં નિરૂપિત કર્મ કરનારાઓ (અને) યજ્ઞશેષ અમૃત પીવાવાળાઓ (તથા) (કર્મ કરનારાઓને પાપસંભવ હોવાથી) જેમણે પોતાનાં સર્વ પાપો ધોઈ નાંખ્યા છે તેવાઓ મને મારી આજ્ઞારૂપ યજ્ઞો વડે પૂજીને (તે યજ્ઞો ભક્તિમાં વચમાં આવતા પ્રતિબન્ધોનું નિવર્તન કરનારા છે તેમ નહીં જાણીને તથા તે યજ્ઞોનું સ્વરૂપ નહીં જાણીને) ઈન્દ્ર વગેરે દેવો સંબન્ધી લોકોની (આ મારા માટે થાઓ તેવી) કામના કરે છે તેઓ પુણ્યાત્મક-પુણ્યફલરૂપ સુરેન્દ્ર લોકને-દેવલોકને પ્રાપ્ત કરીને સ્વર્ગમાં (દિવ્ય દેવલોકમાં) જે ભોગ દેવો ભોગવે છે તે દેવભોગોને ભોગવે છે ॥ ૨૦ ॥

તે તં ભુક્ત્વા સ્વર્ગલોકં વિશાલં
ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ ।
એવં ત્રયીધર્મમનુપ્રપન્ના
ગતાગતં કામકામા લભન્તે ॥ ૨૧ ॥

અન્વય	અર્થ
તે	તે લોકો
તમ્	તે (પુણ્યકર્મથી પ્રાપ્ત)

વિશાલમ્	વિશાલ-વિસ્તૃત-સકલ વિષય ભોગયોગ્ય
સ્વર્ગલોકમ્	સુરેન્દ્ર લોક-દેવલોકને (ત્યાંનાં સુખોને)
ભુક્ત્વા	ભોગવીને
પુણ્યે	પુણ્ય
ક્ષીણે	ક્ષીણ થતાં
મર્ત્યલોકમ્	જે લોકમાં મરણ ધર્મવાળા લોકો રહે છે તે મર્ત્ય લોકને
વિશન્તિ	પ્રાપ્ત કરે છે (પાછા પ્રવેશે છે),
એવમ્	આ પ્રકારે
ત્રયીધર્મમ્	ત્રણ વેદોમાં કહેવાયેલ ધર્મરૂપ ઈષ્ટને (પરિત્યાગીને)
કામકામાઃ	ભોગોની કામનાવાળા થઈ
અનુપ્રપન્નાઃ	ભોગોની પાછળ-પાછળ-આશ્રિત થયેલા પુરુષો
ગતાગતમ્	વારંવાર આવવા-જવાના જન્મ-મરણાત્મક પ્રવાહને
લભન્તે	પ્રાપ્ત થાય છે ।। ૨૧ ।।

ભાવાર્થ – તે લોકો તે (પુણ્યકર્મથી પ્રાપ્ત) વિશાલ-વિસ્તૃત-સકલ વિષય ભોગયોગ્ય સુરેન્દ્ર લોક-દેવલોકને (ત્યાંનાં સુખોને) ભોગવીને પુણ્ય ક્ષીણ થતાં જે લોકમાં મરણ ધર્મવાળા લોકો રહે છે તે મર્ત્ય લોકને પ્રાપ્ત કરે છે (પાછા પ્રવેશે છે), આ પ્રકારે ત્રણ વેદોમાં કહેવાયેલ ધર્મરૂપ ઈષ્ટને (પરિત્યાગીને) ભોગોની કામનાવાળા થઈ ભોગોની પાછળ-પાછળ-આશ્રિત થયેલા પુરુષો વારંવાર આવવા-જવાના જન્મ-મરણાત્મક પ્રવાહને પ્રાપ્ત થાય છે ।। ૨૧ ।।

(હવે જે લોકો પૂર્વમાં કહેવાયેલ સર્વસ્વરૂપને મારા અંશબલથી યુક્ત છે તેમ જાણી બધું જ ત્યાગી મને ભજે છે તેનું સર્વ કંઈ હું જ કરું છું - તેઓ ઉત્તમ છે તે કહે છે -)

અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ।। ૨૨ ।।

અન્વય	અર્થ
અનન્યાઃ	જેને લૌકિક-અલૌકિકમાં પ્રાર્થ્યરૂપમાં બીજું કંઈ નથી તેવા, મારી સેવાથી અતિરિક્ત બીજું ફલ જે નથી ચાહતા તેવા,
યે	(દુર્લભ) જન્મધારણ કરેલા
જનાઃ	મારી સેવાને અર્થે જ તેમનો જન્મ છે તેવા જ્ઞાનવાળા જનો-લોકો
મામ્	મને (એકને જ)
ચિન્તયન્તઃ	સર્વ પ્રકારે મનના નિરોધ વડે સ્મરતાં
પર્યુપસાતે	સર્વ પ્રકારે સર્વાત્મભાવ વડે સેવે છે-ભજે છે
તેષામ્	તે
નિત્યાભિયુક્તાનામ્	નિત્યસ્વરૂપ એવા મારી સેવામાં પરાયણ થયેલા અથવા મને નિત્ય સમ્મત છે તેવાઓના
યોગ	સેવાને અર્થે ધન વગેરે સમ્પત્તિ લાભને (અથવા સેવનમાં મારા યોગને) (અને)
ક્ષેમમ્	તેનું પાલન (ભક્તિ પ્રતિ ઉન્મુખીકરણના સ્વરૂપ મારા ભાવને

અહમ્	હું પુરુષોત્તમ (જ)
વહામિ	વહન કરું છું-પાલન કરું છું (તે વહન કરવામાં ભક્ત અશક્ત હોતાં હું મારી શક્તિથી વહન-પાલન કરું છું) ॥ ૨ ૨ ॥

ભાવાર્થ – (હવે જે લોકો પૂર્વમાં કહેવાયેલ સર્વસ્વરૂપને મારા અંશબલથી યુક્ત છે તેમ જાણી બધું જ ત્યાગી મને ભજે છે તેનું સર્વ કંઇ હું જ કરું છું - તેઓ ઉત્તમ છે તે કહે છે -) જેને લૌકિક-અલૌકિકમાં પ્રાર્થ્યરૂપમાં બીજું કંઇ નથી તેવા, મારી સેવાથી અતિરિક્ત બીજું ફલ જે નથી ચાહતા તેવા, (દુર્લભ) જન્મધારણ કરેલા મારી સેવાને અર્થે જ તેમનો જન્મ છે તેવા જ્ઞાનવાળા જનો-લોકો મને (એકને જ) સર્વ પ્રકારે મનના નિરોધ વડે સ્મરતાં સર્વ પ્રકારે સર્વાત્મભાવ વડે સેવે છે-ભજે છે તે નિત્યસ્વરૂપ એવા મારી સેવામાં પરાયણ થયેલા અથવા મને નિત્ય સમ્મત છે તેવાઓના સેવાને અર્થે ધન વગેરે સમ્પત્તિ લાભને (અથવા સેવનમાં મારા યોગને) (અને) તેનું પાલન (ભક્તિ પ્રતિ ઉન્મુખીકરણના સ્વરૂપ મારા ભાવને હું પુરુષોત્તમ (જ) વહન કરું છું-પાલન કરું છું (તે વહન કરવામાં ભક્ત અશક્ત હોતાં હું મારી શક્તિથી વહન-પાલન કરું છું) ॥ ૨ ૨ ॥

(અન્યદેવનું ભજન કરનારાઓ પણ તે દેવો આપના જ અંશ રૂપ હોવાથી આપનું જ ભજન કરે છે તો પછી તે અન્યદેવનું ભજન કરનારાઓ ઉપર આપની કૃપા કેમ નથી હોતી ? તેમજ તે ભજનનું ફળ કેમ ભોગમાં જ ક્ષીણ થઇ જાય છે ? તેના ઉત્તરમાં કહે છે -)

યેડપ્યન્યદેવતા ભક્તા યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ ।
તેડપિ મામેવ કૌન્તેય યજન્ત્યવિધિપૂર્વકમ્॥ ૨૩ ॥

અન્વય	અર્થ
કૌન્તેય	હે કુન્તિપુત્ર અર્જુન !

યે	જે
અપિ	પણ
શ્રદ્ધયા	(આ દેવો મારા અંશરૂપ છે તેવા જ્ઞાનથી રહિત માત્ર તે દેવોમાં જ શ્રદ્ધા વડે)
અન્વિતાઃ	યુક્ત થયેલા એવા
ભક્તાઃ	(તે દેવોના) ભક્તો (ભજન કરનારાઓ)
અન્યદેવતાઃ	યજ્ઞાદિ સાધનોથી યજ્ઞના અધિષ્ઠાતા રૂપ વડે (તે દેવોને)
યજન્તે	પૂજે છે - ભજે છે
તે	તેઓ
અપિ	પણ
મામ્	(તે દેવો મારા અંશ હોવાથી સરવાળે) મને
એવ	જ
યજન્તિ	પૂજે છે-ભજે છે (પરન્તુ)
અવિધિપૂર્વકમ્	અવિધિપૂર્વક (એટલે કે મારા સ્વરૂપના અજ્ઞાનથી -આ દેવો માત્ર અંશરૂપ છે અને હું સર્વનો અંશી છું તેવા જ્ઞાન વિના દેવોને પૂજે છે તેથી તેમને તેમનાં ભજનને અનુરૂપ તેવું જ નશ્વર ફળ થાયછે - તે કારણે મારી પણ તેમના ઉપર કૃપા નથી હોતી) ॥ ૨૩ ॥

ભાવાર્થ – (અન્યદેવનું ભજન કરનારાઓ પણ તે દેવો આપના જ અંશ રૂપ હોવાથી આપનું જ ભજન કરે છે તો પછી તે અન્યદેવનું ભજન કરનારાઓ ઉપર આપની કૃપા કેમ નથી હોતી ? તેમજ તે ભજનનું ફળ

કેમ ભોગમાં જ ક્ષીણ થઈ જાય છે ? તેના ઉત્તરમાં કહે છે -) હે કુન્તિપુત્ર અર્જુન ! જે પણ (આ દેવો મારા અંશરૂપ છે તેવા જ્ઞાનથી રહિત માત્ર તે દેવોમાં જ શ્રદ્ધા વડે) યુક્ત થયેલા એવા (તે દેવોના) ભક્તો (ભજન કરનારાઓ) યજ્ઞાદિ સાધનોથી યજ્ઞના અધિષ્ઠાતા રૂપ વડે (તે દેવોને) પૂજે છે - ભજે છે, તેઓ પણ (તે દેવો મારા અંશ હોવાથી સરવાળે) મને જ પૂજે છે-ભજે છે (પરન્તુ) અવિધિપૂર્વક (એટલે કે મારા સ્વરૂપના અજ્ઞાનથી -આ દેવો માત્ર અંશરૂપ છે અને હું સર્વનો અંશી છું તેવા જ્ઞાન વિના દેવોને પૂજે છે તેથી તેમને તેમનાં ભજનને અનુરૂપ તેવું જ નશ્વર ફળ થાયછે - તે કારણે મારી પણ તેમના ઉપર કૃપા નથી હોતી) ॥ ૨૩ ॥

અહં હિ સર્વયજ્ઞાનાં ભોક્તા ચ પ્રભુરેવ ચ ।
ન તુ મામભિજાનન્તિ તત્ત્વેનાતશ્ચ્યવન્તિ તે ॥ ૨૪ ॥

અન્વય	અર્થ
હિ	કેમ કે (નિશ્ચય કરીને)
સર્વ યજ્ઞાનામ્	સર્વ યજ્ઞોનો
ભોક્તા	(યજ્ઞના અધિષ્ઠાતૃ દેવો મારા અંશરૂપ હોવાથી) ભોક્તા
ચ	અને (તે રૂપ પણ તથા)
પ્રભુઃ	ફલદાતા (અથવા સ્વામી)
અહમ્ ચ	પણ હું
એવ	જ છું (અહીં એવ અને બીજા ચ વડે સર્વના પ્રભુ હોવાથી ભોક્તૃત્વ હોઈને પણ મારા એક અંશને જ તૃપ્તિ-સંતુષ્ટિ થાય છે, નહીં કે સર્વ-સમ્પૂર્ણ પ્રભુત્વને તૃપ્તિ થાય છે એમ જણાવ્યું છે)
તુ	પરન્તુ
તે	તે લોકો
મામ્	(ઉપર જણાવ્યા મુજબ એવા) મને
તત્ત્વેન	મૂલરૂપે
અભિજાનન્તિ	સર્વ પ્રકારે (યાવાન્ યશ્ચાસ્મિ યાદશઃ હું જેટલો, જે, જેવો છું) જાણતા
ન	નથી
અતઃ	તે કારણે - તેથી કરીને
ચ્યવન્તિ	વારંવારના આવર્તનમાં પડે છે (અથવા મારાથી ભ્રષ્ટ થાય છે) ॥ ૨૪ ॥

ભાવાર્થ – કેમ કે (નિશ્ચય કરીને) સર્વ યજ્ઞોનો (યજ્ઞના અધિષ્ઠાતૃ દેવો મારા અંશરૂપ હોવાથી) ભોક્તા અને (તે રૂપ પણ તથા) ફલદાતા (અથવા સ્વામી) પણ હું જ છું (અહીં એવ અને બીજા ચ વડે સર્વના પ્રભુ હોવાથી ભોક્તૃત્વ હોઈને પણ મારા એક અંશને જ તૃપ્તિ-સંતુષ્ટિ થાય છે, નહીં કે સર્વ-સમ્પૂર્ણ પ્રભુત્વને તૃપ્તિ થાય છે એમ જણાવ્યું છે) પરન્તુ તે લોકો (ઉપર જણાવ્યા મુજબ એવા) મને મૂલરૂપે સર્વ પ્રકારે (યાવાન્ યશ્ચાસ્મિ યાદશઃ હું જેટલો, જે, જેવો છું) જાણતા નથી તે કારણે - તેથી કરીને વારંવારના આવર્તનમાં પડે છે (અથવા મારાથી ભ્રષ્ટ થાય છે) ॥ ૨૪ ॥

(બધા આપના અંશ છે અને બધાના આપ અંશી છો તેવા જ્ઞાન વિના યજન કરનારાઓ પરાવર્તે છે, પરન્તુ જે લોકો તેવા જ્ઞાનપૂર્વક યજ્ઞ વડે તે-તે દેવોનું યજન કરે છે તેનું શું ફલ? તો કહે છે -)

યાન્તિ દેવવ્રતા દેવાન્ પિતૄન્યાન્તિ પિતૃવ્રતાઃ ।

ભૂતાનિ યાન્તિ ભૂતેજ્યા યાન્તિ મદ્યાજિનોડપિ મામ્ ॥ ૨૫॥

અન્વય	અર્થ
દેવવ્રતાઃ	ઈન્દ્ર વગેરે દેવોમાં મારા અંશજ્ઞાન વડે તે રૂપમાં નિયમબદ્ધ થયેલા-તેમનાં વ્રતવાળાઓ
દેવાન્	તે દેવોને જ
યાન્તિ	પ્રાપ્ત થાય છે,
પિતૃવ્રતાઃ	શ્રાદ્ધાદિ વડે પિતૃઓનું યજન કરનારાઓ
પિતૃન્	પિતૃઓને
યાન્તિ	પ્રાપ્ત કરે છે,
ભૂતેજ્યાઃ	વિનાયક-દુર્ગા વગેરેને પૂજનારાઓ
ભૂતાનિ	તેમને જ
યાન્તિ	પ્રાપ્ત કરે છે (અને)
મદ્યાજિનઃ	કર્મ વગેરે વડે તે-તે દેવોના આધિદૈવિકરૂપમાં મારું યજન કરનારાઓ
મામ્	મને (મુક્તિ સ્વરૂપમાં)
અપિ	જ (યદ્યપિ આ ભજન કર્માંગ સ્વરૂપનું હોઈને પણ મુક્ત્યાત્મક છે એમ વિશેષ છે)
યાન્તિ	પ્રાપ્ત કરે છે ॥ ૨૫ ॥

ભાવાર્થ – (બધા આપના અંશ છે અને બધાના આપ અંશી છો તેવા જ્ઞાન વિના યજન કરનારાઓ પરાવર્તે છે, પરન્તુ જે લોકો તેવા જ્ઞાનપૂર્વક યજ્ઞ વડે તે-તે દેવોનું યજન કરે છે તેનું શું ફલ? તો કહે છે -) ઈન્દ્ર વગેરે દેવોમાં મારા અંશજ્ઞાન વડે તે રૂપમાં નિયમબદ્ધ થયેલા-તેમનાં વ્રતવાળાઓ તે દેવોને જ પ્રાપ્ત થાય છે, શ્રાદ્ધાદિ વડે પિતૃઓનું યજન કરનારાઓ પિતૃઓને પ્રાપ્ત કરે છે, વિનાયક-દુર્ગા વગેરેને પૂજનારાઓ તેમને જ પ્રાપ્ત કરે છે (અને) કર્મ વગેરે વડે તે-તે દેવોના આધિદૈવિકરૂપમાં મારું યજન કરનારાઓ મને (મુક્તિ સ્વરૂપમાં) જ (યદ્યપિ આ ભજન કર્માંગ સ્વરૂપનું હોઈને પણ મુક્ત્યાત્મક છે એમ વિશેષ છે) પ્રાપ્ત કરે છે ॥ ૨૫ ॥

(મહાવિભૂતિ પરમાત્મા એવા મને ક્ષુદ્ર દેવતાઓને જેમ ઘણા બધા ઉપચારોના આડંબરથી પરિતોષ થાય છે તેમ મને નથી, કિન્તુ ભક્તોએ સમર્પેલ પત્રાદિ માત્રથી પણ હું સંતુષ્ટ થાઉં છું તેમ પૂર્વ કરતાં ભક્તો માટે વિશેષ કહે છે)

પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।
તદહં ભક્ત્યુપહૃતં અશ્નામિ પ્રયતાત્મનઃ ॥ ૨૬ ॥

અન્વય	અર્થ
પત્રમ્	તુલસીપત્ર-તાંબુલ વગેરે
પુષ્પમ્	લવિંગ વગેરે (અથવા સુવર્ણ-રત્ન વગેરેનો પણ પુષ્પમાં સમાવેશ થાય છે) (અથવા અલંકરણ સ્વરૂપનાં પુષ્પો)
ફલમ્	આમ્ર વગેરે (સામગ્રીરૂપ) (અન્ન-વસ્ત્ર વગેરેનો પણ ફલમાં સમાવેશ થાય છે)
તોયમ્	ગંગાજલ વગેરે (દૂધ-શેરડી વગેરેનો રસ વગેરેનો તોય-જલમાં સમાવેશ થાય છે)
યઃ	જે (ભક્ત)

મે	(ઉપર્યુક્ત બધું જ મારા અર્થે જ સંપાદન કરીને પોતાના અધિકાર અનુસાર) મને
ભક્ત્યા	(વિહિતપણાએ નહીં કિન્તુ) અતિશય સ્નેહપૂર્વક જેમ કોઇ પોતાને ઈષ્ટ વસ્તુ પોતાના પુત્રને આપે છે તેમ
પ્રયચ્છતિ	પ્રકૃષ્ટતાએ ભાવાત્મકતાથી સમર્પે છે
તત્	તે (પૂર્વોક્ત સર્વ તુલસી-આમ્ર-વસ્ત્ર-અલંકારાદિ)
પ્રયતાત્મનઃ	મારામાં જ એકમાત્ર પરાયણતા વડે પોતાના ચિત્તને વશમાં રાખનારા કામ વગેરે સર્વ દોષરહિત એવાઓ દ્વારા
ભક્ત્યુપહૃતમ્	સ્નેહ વડે સમર્પિત (પત્ર-પુષ્પાદિ જ્યાંથી લેવામાં આવે ત્યાંથી લઈને મારા સમીપ લાવતા સુધીમાં સર્વત્ર સર્વ ક્રિયામાં અને સમયમાં સ્નેહનો અવિચ્છેદ હોય તે રીતે જો મને અર્પણ કરાયેલ હોય તો
અહમ્	હું - પુરુષોત્તમ
અશ્નામિ	અશન કરું છું (જે પ્રકારે જે પદાર્થ અર્પણ કરાયો હોય તેના અનુરૂપનું અશન-એટલે કે સ્વીકારું છું - આત્મસાત્ કરું છું ।। ૨૬ ।।

ભાવાર્થ – (મહાવિભૂતિ પરમાત્મા એવા મને ક્ષુદ્ર દેવતાઓને જેમ ઘણા બધા ઉપચારોના આડંબરથી પરિતોષ થાય છે તેમ મને નથી, કિન્તુ ભક્તોએ સમર્પેલ પત્રાદિ માત્રથી પણ હું સંતુષ્ટ થાઉં છું તેમ પૂર્વ કરતાં ભક્તો માટે વિશેષ કહે છે) તુલસીપત્ર-તાંબુલ વગેરે લવિંગ વગેરે (અથવા સુવર્ણ-રત્ન વગેરેનો પણ પુષ્પમાં સમાવેશ થાય છે) (અથવા અલંકરણ સ્વરૂપનાં પુષ્પો) આમ્ર વગેરે (સામગ્રીરૂપ) (અન્ન-વસ્ત્ર વગેરેનો પણ ફલમાં સમાવેશ થાય છે) ગંગાજલ વગેરે (દૂધ-શેરડી વગેરેનો રસ વગેરેનો તોય-જલમાં સમાવેશ થાય છે) જે (ભક્ત) (ઉપર્યુક્ત બધું જ મારા અર્થે જ સંપાદન કરીને પોતાના અધિકાર અનુસાર) મને (વિહિતપણાએ નહીં કિન્તુ) અતિશય સ્નેહપૂર્વક જેમ કોઇ પોતાને ઈષ્ટ વસ્તુ પોતાના પુત્રને આપે છે તેમ પ્રકૃષ્ટતાએ ભાવાત્મકતાથી સમર્પે છે તે (પૂર્વોક્ત સર્વ તુલસી-આમ્ર-વસ્ત્ર-અલંકારાદિ) મારામાં જ એકમાત્ર પરાયણતા વડે પોતાના ચિત્તને વશમાં રાખનારા કામ વગેરે સર્વ દોષરહિત એવાઓ દ્વારા સ્નેહ વડે સમર્પિત (પત્ર-પુષ્પાદિ જ્યાંથી લેવામાં આવે ત્યાંથી લઈને મારા સમીપ લાવતા સુધીમાં સર્વત્ર સર્વ ક્રિયામાં અને સમયમાં સ્નેહનો અવિચ્છેદ હોય તે રીતે જો મને અર્પણ કરાયેલ હોય તો હું - પુરુષોત્તમ અશન કરું છું (જે પ્રકારે જે પદાર્થ અર્પણ કરાયો હોય તેના અનુરૂપનું અશન-એટલે કે સ્વીકારું છું - આત્મસાત્ કરું છું ।। ૨૬ ।।

(આત્મનિવેદન વખતે જ બધું જ ભગવાનને સમર્પણ કરી દીધું હોવા છતાં પણ પોતાના પૂર્વના સ્વભાવની અનુવૃત્તિના કારણે ભગવાનને અને આત્મનિવેદન કર્યું છે તેને બન્નેને વિસ્મરીને જે લૌકિક કર્તૃત્વ વડે કરે છે અને તેવું કરેલું કર્મ ફલભોગ રૂપે ભગવત્ પ્રાપ્તિમાં પ્રતિબન્ધ કરનાર હોઈ તેની નિવૃત્તિને માટે સર્વ કર્મ સમર્પણને કહે છે-)

યત્ કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।
યત્ તપસ્યસિ કૌન્તેય તત્ કુરુષ્વ મદર્પણમ્ ।। ૨૭ ।।

અન્વય	અર્થ
કૌન્તેય	હે મારી ભક્ત કુન્તિના પુત્ર અર્જુન !
યત્	(તું) જે કંઇ પણ
કરોષિ	લૌકિક કર્તૃત્વભાવે કરે છે (વિવાહ-પુત્રોત્પત્તિ અર્થે કામ-નિદ્રા, જાગરણ-મૂત્ર વગેરે પણ),

યત્	(તું) જે કંઇ પણ
જુહોષિ	(પૂર્વકાણ્ડમાં કહ્યા અનુસાર) હોમ કરે છે,
યત્	(તું) જે કંઇ પણ
દદાસિ	(પૂર્વકાણ્ડમાં જણાવ્યા મુજબનાં) દાન કરે છે,
યત્	જે કંઇ પણ
તપસ્યસિ	(ઉત્તરકાણ્ડમાં કહ્યા અનુસાર) તપ કરે છે
તત્	(જાણીને-જ્ઞાનપ્રધાન, નહીં જાણીને-ક્રિયાપ્રધાન જે કંઇ પણ કરતો હોય) તે બધું જ
મદર્પણમ્	મને અર્પણ (વિહિત અને નિષિદ્ધ, લૌકિક અને અલૌકિક એમ જે કંઇ પણ પૂર્વસ્વભાવની અનુવૃત્તિથી કરાયેલાં કર્મો છે તેનું પ્રભુ ! સમર્પણ એમ નહીં, કારણ કે પોતાના અર્થે-વિચારે કરાયેલા કર્મોનું ભગવાનને સમર્પણ એ કર્મમાર્ગીય છે, ભક્તિમાર્ગીય નહીં. પરન્તુ ભગવાનને અર્થે જ કર્મો કરેલાં હોય અને તે ભગવાનને સમર્પવાં એ ભક્તિમાર્ગીય સમર્પણ છે તેથી પૂર્વસ્વભાવની અનુવૃત્તિ વિના પણ અહં-મમ વૃત્તિથી અલગ ઉપર જણાવેલ સર્વ કર્મો પોતાનાં સુખની ઈચ્છાથી નહીં પણ ભગવાનને અર્થે જ કરવાં અને તેવું સમર્પણ મને)
કુરુષ્વ	કર ।। ૨૭ ।।

ભાવાર્થ – (આત્મનિવેદન વખતે જબધું જ ભગવાનને સમર્પણ કરી દીધું હોવા છતાં પણ પોતાના પૂર્વના સ્વભાવની અનુવૃત્તિના કારણે ભગવાનને અને આત્મનિવેદન કર્યું છે તેને બન્નેને વિસ્મરીને જે લૌકિક કર્તૃત્વ વડે કરે છે અને તેવું કરેલું કર્મ ફલભોગ રૂપે ભગવત્ પ્રાપ્તિમાં પ્રતિબન્ધ

કરનાર હોઈ તેની નિવૃત્તિને માટે સર્વ કર્મ સમર્પણને કહે છે-) હે મારી ભક્તકુન્તિના પુત્ર અર્જુન ! (તું) જે કંઇ પણ લૌકિક કર્તૃત્વભાવે કરે છે (વિવાહ-પુત્રોત્પત્તિ અર્થે કામ-નિદ્રા, જાગરણ-મૂત્ર વગેરે પણ), (તું) જે કંઇ પણ (પૂર્વકાણ્ડમાં કહ્યા અનુસાર) હોમ કરે છે, જે કંઇ પણ (પૂર્વકાણ્ડમાં જણાવ્યા મુજબનાં) દાન કરે છે, (તું) જે કંઇ પણ (ઉત્તરકાણ્ડમાં કહ્યા અનુસાર) તપ કરે છે (જાણીને-જ્ઞાનપ્રધાન, નહીં જાણીને-ક્રિયાપ્રધાન જે કંઇ પણ કરતો હોય) તે બધું જ મને અર્પણ (વિહિત અને નિષિદ્ધ, લૌકિક અને અલૌકિક એમ જે કંઇ પણ પૂર્વસ્વભાવની અનુવૃત્તિથી કરાયેલાં કર્મો છે તેનું પ્રભુ ! સમર્પણ એમ નહીં કારણ કે પોતાના અર્થે-વિચારે કરાયેલાં કર્મોનું ભગવાનને સમર્પણ એ કર્મમાર્ગીય છે, ભક્તિમાર્ગીય નહીં. પરન્તુ ભગવાનને અર્થે જ કર્મો કરેલાં હોય અને તે ભગવાનને સમર્પવાં એ ભક્તિમાર્ગીય સમર્પણ છે તેથી પૂર્વસ્વભાવની અનુવૃત્તિ વિના પણ અહં-મમ વૃત્તિથી અલગ ઉપર જણાવેલ સર્વ કર્મો પોતાનાં સુખની ઈચ્છાથી નહીં પણ ભગવાનને અર્થે જ કરવા અને તેવું સમર્પણ મને) કર ।। ૨૭ ।।

(હવે આ શ્લોકમાં કેવલ સમર્પણનું ફલ સુખ અને દુઃખાભાવ કહ્યું છે તથા ત્યાગ-યોગ સહિતનાં સમર્પણનું ફલ સ્વપ્રાપ્તિ જણાવી છે)

શુભાશુભફલૈરેવં મોક્ષ્યસે કર્મબન્ધનૈઃ ।
સંન્યાસયોગયુક્તાત્મા વિમુક્તો મામુપૈષ્યસિ ।। ૨૮ ।।

અન્વય	અર્થ
એવમ્	આ પ્રમાણે (પૂર્વ શ્લોકમાં કહ્યા મુજબ સમર્પણ કરનારાઓને કર્મો વડે થનારા પ્રતિબન્ધો થતા નથી તે કહે છે -)
શુભાશુભફલૈઃ	શુભ-પુત્ર પ્રાપ્તિ વગેરે, અશુભ-ક્લેશ દ્રારિદ્ર્ય વગેરે

કર્મબન્ધનૈઃ	જે કર્મથી ઉત્પન્ન થનારાં ફલ છે તેનાથી
મોક્ષ્યસે	તું મુક્ત થશે (તે પ્રકારના પ્રાપ્ત થનારા ફલ મારી સેવામાં ઉપયોગીપણાએ ફલશે) (અને)
સંન્યાસ	ભગવદ્ ભજનના અર્થે કરાયેલો ત્યાગ (તથા)
યોગ	મારી ભક્તિમાં પોતાની સર્વ ઇન્દ્રિયોના નિગ્રહપૂર્વક
યુક્તાત્મા	પોતાના અન્તઃકરણને વશમાં રાખેલું છે તેવો થઈને
વિમુક્તઃ	વિશેષ પ્રકારે મુક્ત થયેલો એવો તું
મામ્	મને
ઉપૈષ્યસિ	(વ્યાપી વૈકુંઠમાં અથવા મારા સમીપમાં મને) પ્રાપ્ત થશે ॥ ૨૮ ॥

ભાવાર્થ – (હવે આ શ્લોકમાં કેવલ સમર્પણનું ફલ સુખ અને દુઃખાભાવ કહ્યું છે તથા ત્યાગ-યોગ સહિતના સમર્પણનું ફલ સ્વપ્રાપ્તિ જણાવી છે) આ પ્રમાણે (પૂર્વ શ્લોકમાં કહ્યા મુજબ સમર્પણ કરનારાઓને કર્મો વડે થનારા પ્રતિબન્ધો થતા નથી તે કહે છે -) શુભ-પુત્ર પ્રાપ્તિ વગેરે, અશુભ-ક્લેશ દ્રારિદ્ર્ય વગેરે જે કર્મથી ઉત્પન્ન થનારાં ફલ છે તેનાથી તું મુક્ત થશે (તે પ્રકારના પ્રાપ્ત થનારા ફલ મારી સેવામાં ઉપયોગીપણાએ ફલશે) (અને) ભગવદ્ ભજનના અર્થે કરાયેલો ત્યાગ (તથા) મારી ભક્તિમાં પોતાની સર્વ ઇન્દ્રિયોના નિગ્રહપૂર્વક પોતાના અન્તઃકરણને વશમાં રાખેલું છે તેવો થઈને વિશેષ પ્રકારે મુક્ત થયેલો એવો તું મને (વ્યાપી વૈકુંઠમાં અથવા મારા સમીપમાં મને) પ્રાપ્ત થશે ॥ ૨૮ ॥

(આ પ્રમાણે કર્મ સમર્પણ વડે તેમના બન્ધની નિવૃત્તિને જણાવી હોવાથી જેઓ અસમર્પક છે તેમનું બન્ધમાં જ પર્યવસાન થાય છે તેમ, જાણી શકાય છે તેથી કરીને ભગવાનમાં વિષમતાનો દોષ આવી પડે છે તે

શંકા દૂર કરવા કહે છે -)

સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ ।
યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્ ॥ ૨૯ ॥

અન્વય	અર્થ
અહમ્	હું (સર્વ ભૂતોને મારી ક્રીડા અર્થે ઉત્પન્ન કર્યા હોવાથી)
સર્વભૂતેષુ	સર્વભૂતમાત્રમાં (ઉચ્ચ-નીચ ભાવે પ્રકટ થયેલા સર્વમાં)
સમઃ	સમાન રૂપમાં વ્યાપીને રહેલો છું (તેથી કરીને)
ન	ન તો
મે	મારા માટે
દ્વેષ્યઃ	કોઈ દ્વેષ્ય-અપ્રિય
અસ્તિ	છે (કે)
ન	ન તો
પ્રિયઃ	કોઈ પ્રિય છે, (જે લોકો આ બધું ક્રીડાર્થક છે તેમ નહીં જાણી અન્યથા કર્મ કરનારાઓ મારામાં વિષમતા કરે છે તેથી તેમને પોતાના દોષવશ બન્ધ વગેરે થાય છે)
તુ	પરન્તુ
યે	જે લોકો
મામ્	મને
ભક્ત્યા	સ્નેહ વડે (બધું ક્રીડારૂપ છે તેમ જાણીને)

ભજન્તિ	મને ભજે છે (તેથી)
તે	તેવા લોકો
મયિ	(પોતાના ભજનાત્મક ધર્મ વડે) મારામાં રહે છે
ચ	અને
અહમ્	હું
અપિ	પણ (તેમની કૃતિથી સંતુષ્ટ થયેલો)
તેષુ	તેમનામાં રહું છું (તેથી મારામાં કોઈ વિષમતા નથી) ॥ ૨૯ ॥

ભાવાર્થ – (આ પ્રમાણે કર્મ સમર્પણ વડે તેમના બન્ધની નિવૃત્તિને જણાવી હોવાથી જેઓ અસમર્પક છે તેમનું બન્ધમાં જ પર્યવસાન થાય છે તેમ જાણી શકાય છે, તેથી કરીને ભગવાનમાં વિષમતાનો દોષ આવી પડે છે તે શંકા દૂર કરવા કહે છે -) હું (સર્વ ભૂતોને મારી ક્રીડા અર્થે ઉત્પન્ન કર્યા હોવાથી) સર્વભૂતમાત્રમાં (ઉચ્ચ-નીચ ભાવે પ્રકટ થયેલા સર્વમાં) સમાન રૂપમાં વ્યાપીને રહેલો છું (તેથી કરીને) ન તો મારા માટે કોઈ દ્વેષ્ય-અપ્રિય છે (કે) ન તો કોઈ પ્રિય છે, (જે લોકો આ બધું ક્રીડાર્થક છે તેમ નહીં જાણી અન્યથા કર્મ કરનારાઓ મારામાં વિષમતા કરે છે તેથી તેમને પોતાના દોષવશ બન્ધ વગેરે થાય છે) પરન્તુ જે લોકો મને સ્નેહ વડે (બધું ક્રીડારૂપ છે તેમ જાણીને) મને ભજે છે (તેથી) તેવા લોકો (પોતાના ભજનાત્મક ધર્મ વડે) મારામાં રહે છે અને હું પણ (તેમની કૃતિથી સંતુષ્ટ થયેલો) તેમનામાં રહું છું (તેથી મારામાં કોઈ વિષમતા નથી) ॥ ૨૯ ॥

અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામ્ અનન્યભાક્ ।
સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્ વ્યવસિતો હિ સઃ ॥ ૩૦॥

અન્વય	અર્થ
ચેત્	યદિ (કોઈ)
સુદુરાચારઃ	અત્યન્ત દુષ્ટ આચરણ કરેલો (યા કરી રહ્યો હોય)
અપિ	તેમ છતાં પણ (અપિ ચેત્ પદથી તેવા દુષ્ટ આચરણવાળાઓ દ્વારા અનન્યભાવે ભગવાનનું ભજન થવું ઘણું જ દુર્લભ છે, તેમ છતાં પણ)
અનન્યભાક્	અનન્યભાવે (અન્ય બીજો કોઈ નથી તેવા ભાવે)
મામ્	મને
ભજતે	(પોતાનામાં દૈન્યના આવિર્ભાવ વડે-પોતાના દોષોને જાણીને) ભજે છે (તો તારે એને દુષ્ટ નહીં પણ)
સાધુઃ	સાધુ-ધર્મિષ્ઠ-યોગ્ય
એવ	જ
મન્તવ્યઃ	માનવું યોગ્ય છે,
હિ	કારણ કે નિશ્ચયે
સઃ	તે (ભજન કરનારો)
સમ્યક્વ્યવસિતઃ	(પોતાના હિમાલય કરતાં મહાન પાપોની નિવૃત્તિ અન્યદેવ ભજન-પ્રાયશ્ચિત્ત વગેરે કર્મોથી શક્ય નથી, મારાં મહાપાતકો એક માત્ર શ્રીકૃષ્ણ વિના નિવૃત્ત થવાં શક્ય નથી તેવો) યથાર્થ નિશ્ચય કરેલો છે ॥ ૩૦ ॥

ભાવાર્થ – યદિ (કોઈ) અત્યન્ત દુષ્ટ આચરણ કરેલો (યા કરી રહ્યો હોય) તેમ છતાં પણ (અપિ ચેત્ પદથી તેવા દુષ્ટ આચરણવાળાઓ દ્વારા

અનન્યભાવે ભગવાનનું ભજન થવું ઘણું જ દુર્લભ છે, તેમ છતાં પણ) અનન્યભાવે (અન્ય બીજો કોઇ નથી તેવા ભાવે) મને (પોતાનામાં દૈન્યના આવિર્ભાવ વડે-પોતાના દોષોને જાણીને) ભજે છે (તો તારે એને દુષ્ટ નહીં પણ) સાધુ-ધર્મિષ્ઠ-યોગ્ય જ માનવું યોગ્ય છે, કારણ કે નિશ્ચયે તે (ભજન કરનારો) (પોતાના હિમાલય કરતાં મહાન પાપોની નિવૃત્તિ અન્યદેવ ભજન-પ્રાયશ્ચિત્ત વગેરે કર્મોથી શક્ય નથી, મારાં મહાપાતકો એક માત્ર શ્રીકૃષ્ણ વિના નિવૃત્ત થવાં શક્ય નથી તેવો) યથાર્થ નિશ્ચય કરેલો છે ॥ ૩૦॥

ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાન્તિં નિગચ્છતિ ।
કૌન્તેય પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ॥ ૩૧ ॥

અન્વય	અર્થ
ક્ષિપ્રમ્	શીઘ્ર જ-તત્કાલ
ધર્માત્મા	ધર્મમાં જ જેનો આત્મા-અન્તઃકરણ છે તેવો મારા સેવન યોગ્ય
ભવતિ	થાય છે (અને તેથી)
શશ્વત્	શાશ્વતી-સદા રહેનારી
શાન્તિમ્	મારા સ્વરૂપની શાન્તિને
નિગચ્છતિ	(ભાવાત્મરૂપ વડે) પ્રાપ્ત થાય છે (તેથી)
કૌન્તેય	હે મારાકૃપાપાત્ર અર્જુન !
પ્રતિજાનીહિ	મારા આ દઢતાપૂર્વક કહેવાયેલાં વચનો સ્વીકારી લે (કે)
મે	મારો
ભક્તઃ	જે ભક્ત છે તે ક્યારેય
પ્રણશ્યતિ	નષ્ટ થતો નથી (મારો ભક્ત થવાથી દોષોનો નાશ થાય છે-
ન	દોષો વડે ભક્તનો નાશ થતો નથી) ॥ ૩૧ ॥

ભાવાર્થ – શીઘ્ર જ-તત્કાલ ધર્મમાં જ જેનો આત્મા-અન્તઃકરણ છે તેવો મારા સેવન યોગ્ય થાય છે (અને તેથી) શાશ્વતી-સદા રહેનારી મારા સ્વરૂપની શાન્તિને (ભાવાત્મરૂપ વડે) પ્રાપ્ત થાય છે (તેથી) હે મારાકૃપાપાત્ર અર્જુન ! મારા આ દઢતાપૂર્વક કહેવાયેલાં વચનો સ્વીકારી લે (કે) મારો જે ભક્ત છે તે ક્યારેય નષ્ટ થતો નથી (મારો ભક્ત થવાથી દોષોનો નાશ થાય છે- દોષો વડે ભક્તનો નાશ થતો નથી) ॥ ૩૧ ॥

માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેડપિ સ્યુઃ પાપયોનયઃ ।
સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાઃ તેડપિ યાન્તિ પરાં ગતિમ્ ॥ ૩૨ ॥

અન્વય	અર્થ
પાર્થ	હે પૃથાપુત્ર અર્જુન !
હિ	નિશ્ચય કરીને
મામ્	મારો
વ્યપાશ્રિત્ય	વિશેષ પ્રકારે આશ્રય કરીને
યે	જે કોઇ (પોતાની સેવાના અર્થે ઉત્પન્ન કરેલા પુષ્ટિ-જીવોથી અતિરિક્ત બીજાઓ)
અપિ	પણ
પાપયોનયઃ	નીચ યોનિવાળા અન્ત્યજ-મ્લેચ્છ વગેરે,
સ્ત્રિયઃ	પરતન્ત્રતાના સ્વરૂપની યોનીવાળાઓ-સ્ત્રીઓ,

વૈશ્યાઃ	કેવલ કૃષિ વગેરે વ્યવસાયમાં પરાયણ થયેલા-માત્ર પેટ ભરનારાઓ,
તથા	તેમજ
શૂદ્રાઃ	જેમને વેદમંત્રોના ઉપદેશનો અધિકાર નથી તેવા-શોક વડે દ્રવીભૂત એવા શૂદ્રો
સ્યુઃ	હોય
તે	તે (બધા) લોકો
અપિ	પણ
પરામ્	પરમ
ગતિમ્	ગતિને-મોક્ષને-સાયુજ્યને
યાન્તિ	પ્રાપ્ત કરે છે ।। ૩૨ ।।

ભાવાર્થ – હે પૃથાપુત્ર અર્જુન ! નિશ્ચય કરીને મારો વિશેષ પ્રકારે આશ્રય કરીને જે કોઇ (પોતાની સેવાના અર્થે ઉત્પન્ન કરેલા પુષ્ટિ-જીવોથી અતિરિક્ત બીજાઓ) પણ નીચ યોનિવાળા અન્ત્યજ-મ્લેચ્છ વગેરે, પરતન્ત્રતાના સ્વરૂપની યોનીવાળાઓ-સ્ત્રીઓ, કેવલ કૃષિ વગેરે વ્યવસાયમાં પરાયણ થયેલા-માત્ર પેટ ભરનારાઓ, તેમજ જેમને વેદમંત્રોના ઉપદેશનો અધિકાર નથી તેવા-શોક વડે દ્રવીભૂત એવા શૂદ્રો હોય તે (બધા) લોકો પણ પરમ ગતિને-મોક્ષને-સાયુજ્યને પ્રાપ્ત કરે છે।। ૩૨ ।।

(જ્યાં હીનાધિકારીઓને પણ ઉત્તમગતિ મળે છે ત્યાં ઉત્તમાધિકારીઓ માટે તો કહેવું જ શું ? તે કહે છે -)

કિં પુનઃ બ્રાહ્મણાઃ પુણ્યા ભક્તા રાજર્ષયસ્તથા ।
અનિત્યમસુખં લોકમિમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ।। ૩૩ ।।

અન્વય	અર્થ
પુણ્યાઃ	(તો પછી જે લોકો) વેદમાં કહેવાયેલ મારા સ્વરૂપના જ્ઞાન અર્થે પૂર્વમાં વેદાધ્યયન કરનારા-પુણ્યશીલ
બ્રાહ્મણાઃ	બ્રાહ્મણો,
તથા	તેમજ
રાજર્ષયઃ	પુણ્ય-ધર્મ વગેરે કરણ દ્વારા પ્રજા પ્રતિ પાલકો-રાજર્ષિઓ (રાજાઓ-ક્ષત્રિયો થઈને પાછા ઋષિઓ એટલે કે બ્રહ્મ કર્મનિષ્ઠો),
ભક્તાઃ	(તેવા લોકો) ભક્ત હોઈને (પરમ ગતિને પ્રાપ્ત થાય તેમાં)
કિમ્	(તેવાઓની પરમગતિ થવામાં) શું
પુનઃ	કહેવાનું હોય ? (આમ કહેવાથી ઉત્તમો વડે પણ ભગવાનનું અનન્યભાવે ભજન આવશ્યક છે, તેના અભાવમાં ઉત્તમોનું પણ હીનત્વ જ જાણવું જોઈએ) (જેથી કરીને આ ઉત્તમાધિકારીઓ માટે આવશ્યક હોઈને અને તું ક્ષત્રિય, સ્વધર્મનિષ્ઠ અને ભક્તપુત્ર હોવાથી ઉત્તમાધિકારી પણાએ તારું આજ કર્તવ્ય છે કે -)
ઈમમ્	આ
લોકમ્	લોકને-અધિકરણરૂપ દેહને
પ્રાપ્ય	પ્રાપ્ત કરીને

અનિત્યમ્	અનિત્ય-ક્ષણભંગુર એવા
અસુખમ્	સુખરહિત એવા સંસારને (ત્યાગીને અથવા જાણીને)
મામ્	મારું
ભજસ્વ	ભજન કર ॥ ૩૩ ॥

ભાવાર્થ – (જ્યાં હીનાધિકારીઓને પણ ઉત્તમગતિ મળે છે ત્યાં ઉત્તમાધિકારીઓ માટે તો કહેવું જ શું ? તે કહે છે -) (તો પછી જે લોકો) વેદમાં કહેવાયેલ મારા સ્વરૂપના જ્ઞાન અર્થે પૂર્વમાં વેદાધ્યયન કરનારા-પુણ્યશીલ બ્રાહ્મણો, તેમજ પુણ્ય-ધર્મ વગેરે કરણ દ્વારા પ્રજા પ્રતિ પાલકો-રાજર્ષિઓ (રાજાઓ-ક્ષત્રિયો થઈને પાછા ઋષિઓ એટલે કે બ્રહ્મ કર્મનિષ્ઠો), (તેવા લોકો) ભક્ત હોઈને (પરમ ગતિને પ્રાપ્ત થાય તેમાં) (તેવાઓની પરમગતિ થવામાં) શું કહેવાનું હોય ? (આમ કહેવાથી ઉત્તમો વડે પણ ભગવાનનું અનન્યભાવે ભજન આવશ્યક છે, તેના અભાવમાં ઉત્તમોનું પણ હીનત્વ જ જાણવું જોઈએ) (જેથી કરીને આ ઉત્તમાધિકારીઓ માટે આવશ્યક હોઈને અને તું ક્ષત્રિય, સ્વધર્મનિષ્ઠ અને ભક્તપુત્ર હોવાથી ઉત્તમાધિકારીપણાએ તારું આજ કર્તવ્ય છે કે -) આ લોકને-અધિકરણરૂપ દેહને પ્રાપ્ત કરીને અનિત્ય-ક્ષણભંગુર એવા સુખરહિત એવા સંસારને (ત્યાગીને અથવા જાણીને) મારું ભજન કર ॥ ૩૩ ॥

(આપનું ભજન કયા પ્રકારે કરવું ? તો પોતાના ભજનનો મુખ્ય પ્રકાર કહે છે -)

મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।
મામેવૈષ્યસિ યુક્ત્વૈવમાત્માનં મત્પરાયણઃ ॥ ૩૪ ॥

અન્વય	અર્થ
મન્મનાઃ	મારામાં જ મન છે જેનું તેવો (અથવા હું જ જેનું મન છું તેવો (થા) (આ રીતે મનોનિવેશન વડે માનસિક ભજન કહ્યું),
મદ્ભક્તઃ	મારામાં સ્નેહવાળો થા, (તેવો થઈને)
મદ્યાજી	મારી પૂજા-પરિચર્યા કરવાવાળો થા (આમ કહીને કાયિક ભજન જણાવ્યું છે),
માં	મને (અતિશય દૈન્ય અને આદરપૂર્વક)
નમસ્કુરુ	નમસ્કાર કર (આમ કહીને વાચનિક ભજનનો પ્રકાર કહ્યો છે)
એવમ્	આ પ્રકારે
મત્પરાયણઃ	મારામાં (કાયા-વાણી-મન વડે) પરાયણ થઈને
આત્માનમ્	આત્માને (અન્તઃકરણને અથવા સ્વયં પોતાને મારામાં)
યુક્ત્વા	યોજીને (અવશ્ય જ)
મામ્	મને
એવ	જ (અક્ષર વગેરેને નહીં પણ મને જ-પુરુષોત્તમને જ)
એષ્યસિ	પ્રાપ્ત થશે ॥ ૩૪ ॥

ભાવાર્થ – (આપનું ભજન કયા પ્રકારે કરવું ? તો પોતાના ભજનનો મુખ્ય પ્રકાર કહે છે -) મારામાં જ મન છે જેનું તેવો (અથવા હું જ જેનું મન છું તેવો (થા) (આ રીતે મનોનિવેશન વડે માનસિક ભજન કહ્યું), મારામાં સ્નેહવાળો થા, (તેવો થઈને) મારી પૂજા-પરિચર્યા કરવાવાળો

થા (આમ કહીને કાયિક ભજન જણાવ્યું છે), મને (અતિશય દૈન્ય અને આદરપૂર્વક) નમસ્કાર કર (આમ કહીને વાચનિક ભજનનો પ્રકાર કહ્યો છે) આ પ્રકારે મારામાં (કાયા-વાણી-મન વડે) પરાયણ થઈને આત્માને (અન્તઃકરણને અથવા સ્વયં પોતાને મારામાં) યોજીને (અવશ્ય જ) મને જ (અક્ષર વગેરેને નહીં પણ મને જ-પુરુષોત્તમને જ) પ્રાપ્ત થશે ।। ૩૪ ।।

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે રાજવિદ્યારાજગુહ્યયોગો નામ નવમોડધ્યાયઃ ।। ૯ ।।